# મહબ્બતે રસૂલ صلی اللہ علیہ وسلم નું

## મહત્વ, સબબો, દ્રષ્ટાંતો, નિશાનીઓ

અઝ : હઝરત અલ્લામા ગુલામરસૂલ સઈદી رحمۃ اللہ علیہ

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

(ખલીફા તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા માસિક)

:: પ્રકાશક ::

**અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા**

GRWB/059/Bharuch/02 C/o. ફયૂઝાને રઝા મંઝિલ,
મુ.પો. દયાદરા-૩૯૨૦૨૦, તા. જિ. ભરૂચ,
ફોન : ૦૨૬૪૨-૨૮૦૦૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧,
Web.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com

પ્રકાશન નં. : ૨૩૧ આવૃત્તિ-૨ પ્રત : ૩૫૦૦
૦૩-શાબાનુલ મુઅઝ્ઝમ હિ.સ. ૧૪૩૮ એપ્રિલ-૨૦૧૭

noorani art Mob. 9427464411

## અનુક્રમણિકા


| | |
|---|---|
| ❊ રસૂલુલ્લાહ ﷺની મહોબ્બત વાજિબ હોવાના હુકમો | 03 |
| ❊ મહબ્બતે રસૂલ ﷺની પાબંદી સંબંધે ખુલાસો | 04 |
| ❊ કામિલ ઈમાન માટે નબી ﷺની મહોબ્બત ફર્ઝ | 05 |
| ❊ નબી ﷺ મહોબ્બતને પાત્ર હોવાના સબબો | 05 |
| ❊ નબી ﷺની તા'ઝીમ તથા મહોબ્બતનાં અમુક દશ્યો ! | 12 |
| ❊ **રસૂલુલ્લાહ ﷺથી મહોબ્બતની નિશાનીઓ** | 14 |
| ❊ (૧) સુન્નતના અનુસરણની મીઠાશ | 17 |
| ❊ (૨)રસૂલુલ્લાહ ﷺનું બેઐબ હોવું | 20 |
| ❊ (૩) રસૂલુલ્લાહ ﷺનો ખૂબ જ વધુ પ્રમાણમાં ઝિક્ર કરવો | 24 |
| ❊ (૪) રસૂલુલ્લાહ ﷺની શાનથી ખુશ થવું | 25 |
| ❊ રસૂલુલ્લાહ ﷺની શાન વર્ણવવામાં આતિશયોક્તિથી બચવું | 26 |
| ❊ (૫) રસૂલુલ્લાહ ﷺની તાઝીમ તથા અદબ કરવી | 26 |
| ❊ (૬) રસૂલુલ્લાહ ﷺ પર સલાતો સલામ પઢવું | 28 |
| ❊ (૭) રસૂલુલ્લાહ ﷺથી મુલાકાતનો શોખ હોવો | 30 |
| ❊ (૮) રસૂલુલ્લાહ ﷺના મહબૂબો સાથે મહોબ્બત | 31 |
| ❊ (૯) રસૂલુલ્લાહ ﷺની નિસ્બતોથી મહોબ્બત | 34 |
| ❊ (૧૦) રસૂલુલ્લાહ ﷺના દુશ્મનોથી અદાવત રાખવી | 35 |
| ❊ રસૂલુલ્લાહ ﷺની મોહબ્બતની નિશાનીઓ વિશે અંતિમ વાત | 39 |

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

نَحْمَدُهٗ وَ نُصَلِّی عَلٰی رَسُوْلِهِ الْكَرِيْمِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَارَسُوْلَ اللّٰهِ اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا نَبِيَّ اللّٰهِ
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَاحَبِيْبَ اللّٰهِ اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيْكَ يَا نُوْرَ اللّٰهِ
صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْكَ وَسَلَّمَ

## રસૂલુલ્લાહ ﷺની મહોબ્બત વાજિબ હોવાના હુકમો

قُلْ اِنْ كَانَ اٰبَآؤُكُمْ وَ اَبْنَآؤُكُمْ وَ اِخْوَانُكُمْ وَ
اَزْوَاجُكُمْ وَ عَشِيْرَتُكُمْ وَ اَمْوَالُ ِاقْتَرَفْتُمُوْهَا وَتِجَارَةٌ
تَخْشَوْنَ كَسَادَهَا وَ مَسٰكِنُ تَرْضَوْنَهَاۤ اَحَبَّ اِلَيْكُمْ
مِّنَ اللّٰهِ وَ رَسُوْلِهٖ وَ جِهَادٍ فِيْ سَبِيْلِهٖ فَتَرَبَّصُوْا حَتّٰى يَاْتِيَ
اللّٰهُ بِاَمْرِهٖ ؕ وَ اللّٰهُ لَا يَهْدِی الْقَوْمَ الْفٰسِقِيْنَ ﴿۲۴﴾

"આપ ફર્માવી દો કે જો તમારાં માબાપ, ઔલાદ, ભાઈ, પત્નીઓ, અન્ય સગાંઓ, કમાએલો માલ, તે વેપાર જેમાં તમે નુકસાનથી ડરો છો, અને તમારાં પસંદીદા મકાનો, તમને **અલ્લાહ તથા તેના રસૂલ,** અને એની રાહમાં જેહાદ કરવા કરતાં અધિક પ્રિય હોય તો અલ્લાહ તઆલાના હુકમની રાહ જુઓ. અને અલ્લાહ ફાસિક઼ોને હિદાયત નથી આપતો." *(સૂ. તૌબા–૨૪)*

હદીષે પાકમાં છે : હઝરત અનસ رضی اللہ عنہ વર્ણવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : **''કોઈ શખ્સ મો'મિન નથી થઈ શકતો જ્યાં સુધી કે** હું તેની નજીક તેના ઘરવાળાં, તેના માલ અને સર્વ લોકો કરતાં અધિક પ્રિય ન થઈ જાઉં.'' *(સહીહ મુસ્લિમ)*

હઝરત અનસ رضی اللہ عنہથી બીજી રિવાયતમાં છે : **''કોઈ શખ્સ મો'મિન નથી થઈ શકતો** જ્યાં સુધી હું **તેની નજીક તેની ઔલાદ તથા માબાપ તથા સર્વ લોકો કરતાં** અધિક પ્રિય ન થઈ જાઉં. *(સહીહ મુસ્લિમ)*

## મહબ્બતે રસૂલ ﷺની પાબંદી સંબંધે ખુલાસો

એક સવાલ એ છે કે મહોબ્બત એક ગૈર ઈખ્તિયારી ચીજ છે અને ગૈર ઈખ્તિયારી ચીજના માટે ઈન્સાન બંધાયેલો નથી હોતો. તો પછી રસૂલુલ્લાહ ﷺની મહોબ્બતનો પાબંદ કરવો કેવી રીતે સહીહ થશે ? એનો જવાબ એ છે કે મહોબ્બતના બે પ્રકાર છે : (૧) મહ્બ્બતે તબઈ તથા (૨) મહ્બ્બતે અક્લી. મહ્બ્બતે તબઈ ગૈર ઈખ્તિયારી હોય છે, જેવી રીતે માં તથા માલો દૌલતની મહોબ્બત. અને અક્લી મહોબ્બત ઈખ્તિયારી હોય છે. મહ્બ્બતે અક્લીથી મુરાદ એ છે કે બુધ્ધિ પ્રિય ચીજને અન્ય ચીજો પર અગ્રતા આપે, અને એ ઈન્સાનના ઈખ્તિયારમાં છે. અને રસૂલુલ્લાહ ﷺ સાથે આ જ પ્રકારની મહોબ્બત કરવી ફર્ઝ છે એટલે કે ઈમાનનો તકાઝો એ છે કે ઈન્સાન પોતાની જાત, પોતાનાં મા બાપ, અન્ય સગાં સ્નેહીઓ તથા માલો દૌલતને રસૂલુલ્લાહ ﷺના હુકમ પર કુર્બાન કરી આપે. જેમ કે જંગે બદરમાં હઝરત અબૂબક્ર સિદીક رضی اللہ عنہ પોતાના પુત્ર સામે, અને હઝરત હુઝૈફા رضی اللہ عنہ પોતાના બાપની વિરૂધ્ધ તલ્વાર ખેંચીને નીકળી પડયા, અને હઝરત ઉમર رضی اللہ عنہએ પોતાના મામાને કત્લ

કરી આપ્યા. રસૂલુલ્લાહ ﷺના ખાતર સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْھِمْ اَجْمَعِیْنَ પોતાનું વતન, સગાં સંબંધીઓ, કુટુંબીજનો, મકાનો અને માલો દૌલતને છોડીને સરસામાન વિનાની હાલતમાં હિજરત કરીને મદીના આવી ગયા. ગઝવએ તબૂકના મૌકા પર હઝરત અબૂબક્ર સિદીક رضی اللہ عنہએ બધો જ માલ રસૂલુલ્લાહ ﷺના કદમોમાં લાવીને રાખી દીધો. અને જ્યારે આ આયત નાઝિલ થઈ :–

وَلَوْ اَنَّا كَتَبْنَا عَلَيْهِمْ اَنِ اقْتُلُوْٓا اَنْفُسَكُمْ

"અને જો અમે એમના પર એ ફર્ઝ કરી આપત કે પોતે પોતાને કત્લ કરો..." *(સૂ. નિસાઅ–૬૬)* તો સિદીકે અકબરે તરત જ કહ્યું, "હુઝૂર ! જો હુકમ આપે તો હમણા મારી ગરદન કાપી નાખુ."

## કામિલ ઈમાન માટે નબી ﷺની મહોબ્બત ફર્ઝ

અમુક ઉલમાએ વર્ણવ્યું છે કે કામિલ ઈમાન માટે રસૂલુલ્લાહ ﷺની મહોબ્બત ફર્ઝ છે, પરંતું તેહકીક એ છે કે રસૂલુલ્લાહ ﷺની મહોબ્બત મુત્લકન્ (બિનશર્તી) ફર્ઝ છે. જે શખ્સમાં રસૂલુલ્લાહ ﷺની મહોબ્બત મુત્લકન (તદ્દન) ન હોય તે મુત્લકન મો'મિન થશે નહીં, અને જે શખ્સમાં મહોબ્બતનો કમાલ ન હોય તે કામિલ મો'મિન ન થશે.

## નબી ﷺ મહોબ્બતને પાત્ર હોવાના સબબો

**૦૧.** ઈન્સાન **હુસ્નો જમાલ** સાથે મહોબ્બત કરે છે અને અલ્લાહ તઆલાએ નબી ﷺને સૃષ્ટિમાં સૌથી અધિક હુસ્નો જમાલ અતા કર્યો છે. ઈમામ બુખારી رحمۃ اللہ علیہ પોતાની સનદની સાથે હઝરત બરાઅ رضی اللہ عنہની રિવાયત નકલ કરે છે :

"રસૂલુલ્લાહ ﷺનો ચહેરો તમામ લોકો કરતાં હસીન હતો." *(સહીહ બુખારી, ૧/૫૦૨, કરાચી)*

"અને જ્યારે રસૂલુલ્લાહ ﷺ કોઈ વાતથી ખુશ થતા તો આપનો ચહેરો એ રીતે રોશન થઈ જતો જાણે તે ચાંદનો ટુકડો હોય." *(સહીહ બુખારી, ૧/૫૦૨, કરાચી)*

ઈમામ તિર્મિઝી رحمۃ اللہ علیہ રિવાયત કરે છે કે હઝરત જાબિર બિન સુમુરહ رضی اللہ عنہ વર્ણન કરે છે :–

"મેં રસૂલુલ્લાહ ﷺને એક રાતે જોયા જ્યારે વાદળ ન હતાં. આપે લાલ હુલ્લો પહેરેલ હતો. હું કદીક આપની તરફ જોતો કદીક ચાંદની તરફ. નિઃશંક ! આપ મારા નજીક ચાંદથી વધુ હસીન હતા."

**૦૨.** ઈન્સાન **ઈલ્મ તથા હિકમત** સાથે મહોબ્બત કરે છે અને અલ્લાહ તઆલાએ નબી કરીમ ﷺને સૃષ્ટિમાં સૌથી વધુ ઈલ્મ અતા ફર્માવ્યો છે, કેમ કે અલ્લાહ તઆલાએ તમામ મખ્લૂકને જે ઈલ્મ આપ્યો એના વિશે ફર્માવ્યું : وَمَآ اُوْتِيْتُمْ مِّنَ الْعِلْمِ اِلَّا قَلِيْلًا "અને તમને જે ઈલ્મ આપવામાં આવ્યો છે તે થોડોક જ છે." *(સૂ. બની ઈસ્રાઈલ–૨૯)* અને નબી ﷺને જે ઈલ્મ અતા કર્યો છે એના વિશે ફર્માવ્યું :–

وَ عَلَّمَكَ مَا لَمْ تَكُنْ تَعْلَمُ ؕ وَ كَانَ فَضْلُ اللّٰهِ عَلَيْكَ عَظِيْمًا

"અને અલ્લાહ તઆલાએ આપને એ સર્વ ચીજોનો ઈલ્મ આપી દીધો જેને આપ પહેલાં ન જાણતા હતા, અને આપના પર અલ્લાહનો ફઝ્લે અઝીમ છે." *(સૂ. નિસાઅ્–૧૧૩)*

વિચાર કરો ! અલ્લાહ તમામ મખ્લૂકાતના ઈલ્મને થોડો ફર્માવી રહ્યો છે, તો જેના ઈલ્મને તે અઝીમ (મહાન) ફર્માવી આપે, તેની વિશાળ તાઓ તથા મહાનતાઓનો અંદાઝો કોણ કરી શકે છે ?!

**૦૩.** કેટલાક લોકો **દાદ તથા બખ્શિશ અને સખાવત**થી મહોબ્બત

કરે છે અને રસૂલુલ્લાહ ﷺએ એટલા પ્રમાણમાં સખાવત કરી કે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું : وَلَا تَبْسُطْهَا كُلَّ الْبَسْطِ "અને ન આપ આપના હાથને સંપૂર્ણપણે ખોલી દો." *(સૂ. બની ઈસ્રાઈલ–૨૯)*

**૦૪.** ઈન્સાન **ઝોહદો તક્વા તથા ઈબાદત તથા રિયાઝત**થી મહોબ્બત કરે છે અને રસૂલુલ્લાહ ﷺએ એટલા પ્રમાણમાં ઈબાદત કરી કે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું :–

يٰۤاَيُّهَا الْمُزَّمِّلُ ۝ قُمِ الَّيْلَ اِلَّا قَلِيْلًا ۝ "હે ચાદર લપેટવાવાળા ! (મહબૂબ) રાતે (નમાઝમાં) થોડો કયામ કર્યા કરો." *(સૂ. મુઝ્ઝમ્મિલ–૧/૨)*

**૦૫.** ઈન્સાન એ શખ્સ સાથે મહોબ્બત કરે છે જે **નરમ દિલ તથા રહમ કરનાર** હોય અને રસૂલુલ્લાહ ﷺ સૌથી વધુ નરમ દિલ તથા રહીમ હતા. અલ્લાહ તઆલા ફર્માવે છે :–

فَبِمَا رَحْمَةٍ مِّنَ اللّٰهِ لِنْتَ لَهُمْ ۚ وَلَوْ كُنْتَ فَظًّا غَلِيْظَ
الْقَلْبِ لَا نْفَضُّوْا مِنْ حَوْلِكَ

"તો અલ્લાહની કેવી (બેહદ) રહમતથી આપ એ (મુસલમાનો)ના માટે નરમ દિલ થયા. અને જો આપ બદ મિજાઝ અને કઠણ હૃદયી હોત તો જરૂર આપની આસપાસથી ભાગી જાત." *(સૂ. આલે ઈમરાન–૧૫૯)*

**૦૬.** ઈન્સાન એની સાથે મહોબ્બત કરે છે જેના **અખ્લાક સારા** હોય અને બદ અખ્લાકવાળાથી નફરત કરે છે. અને **રસૂલુલ્લાહ ﷺના અખ્લાક શ્રેષ્ઠ** હતા. અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :– وَاِنَّكَ لَعَلٰى خُلُقٍ عَظِيْمٍ ۝ "અને નિઃશંક ! આપ અખ્લાકના શ્રેષ્ઠ દરજ્જે બિરાજેલ છો." *(સૂ. કલમ–૪)*

**૦૭.** ઈન્સાનને જેનાથી **ઈલ્મ તથા અદબ** હાંસલ થાય એની સાથે મહોબ્બત કરે છે અને રસૂલુલ્લાહ ﷺ મો'મિનોને તાલીમ આપતા હતા

અને તેમની સફાઈ કરતા હતા. અલ્લાહ તઆલા ફર્માવે છે :–

لَقَدْ مَنَّ اللّٰهُ عَلَى الْمُؤْمِنِيْنَ اِذْ بَعَثَ فِيْهِمْ رَسُوْلًا مِّنْ
اَنْفُسِهِمْ يَتْلُوْا عَلَيْهِمْ اٰيٰتِهٖ وَ يُزَكِّيْهِمْ وَ يُعَلِّمُهُمُ
الْكِتٰبَ وَ الْحِكْمَةَ ۚ وَ اِنْ كَانُوْا مِنْ قَبْلُ لَفِيْ ضَلٰلٍ
مُّبِيْنٍ ﴿۱۶۴﴾

"નિઃશંક ! અલ્લાહ તઆલાએ મો'મિનો પર ઘણુ જ મોટુ એહસાન કર્યું, જ્યારે એમનામાં એમનામાંથી જ એક મહાન રસૂલ મોકલ્યા, જે એમના પર એમની આયતો તિલાવત કરે છે, એમને પાક કરે છે અને એમને કિતાબ તથા હિકમતની તા'લીમ આપે છે. અને બેશક ! તેઓ એનાથી પહેલાં જરૂર ઉઘાડી ગુમરાહીમાં હતા." *(સૂરએ આલે ઈમરાન, આ. ૧૬૪)*

તેમજ ફર્માવ્યું :–

هُوَ الَّذِيْ بَعَثَ فِي الْاُمِّيّٖنَ رَسُوْلًا مِّنْهُمْ يَتْلُوْا عَلَيْهِمْ
اٰيٰتِهٖ وَ يُزَكِّيْهِمْ وَ يُعَلِّمُهُمُ الْكِتٰبَ وَ الْحِكْمَةَ ۚ وَ اِنْ
كَانُوْا مِنْ قَبْلُ لَفِيْ ضَلٰلٍ مُّبِيْنٍ ﴿۲﴾ وَّ اٰخَرِيْنَ مِنْهُمْ لَمَّا
يَلْحَقُوْا بِهِمْ ؕ وَ هُوَ الْعَزِيْزُ الْحَكِيْمُ ﴿۳﴾

"તે જ છે જેણે અનપઢ લોકોમાં એમનામાંથી એક મહાન રસૂલ મોકલ્યા. તે એમના પર એની આયતો તિલાવત કરે છે, તેમને પાક કરે છે અને તેમને કિતાબ તથા હિકમતની તા'લીમ આપે છે અને બેશક ! એ લોકો પહેલાં ઉઘાડી ગુમરાહીમાં હતા અને એમનામાંથી બીજાઓને પણ (કિતાબ તથા હિકમતની તા'લીમ આપે છે અને પાક કરે છે) અને જેઓ હજી એ (પહેલા લોકો)થી નથી મળ્યા અને તે ગાલિબ હિકમતવાળો છે." *(સૂરએ જુમ્અહ, આ. ૨–૩)*

તેમજ ફર્માવ્યું :–

كَمَآ اَرْسَلْنَا فِيْكُمْ رَسُوْلًا مِّنْكُمْ يَتْلُوْا عَلَيْكُمْ اٰيٰتِنَا وَ يُزَكِّيْكُمْ وَ يُعَلِّمُكُمُ الْكِتٰبَ وَ الْحِكْمَةَ وَ يُعَلِّمُكُمْ مَّا لَمْ تَكُوْنُوْا تَعْلَمُوْنَ﴿۱۵۱﴾

"જે રીતે અમે તમારામાં એક મહાન રસૂલ મોકલ્યા જે તમારા પર અમારી આયતો તિલાવત કરે છે અને તમને પાક કરે છે અને તેમને કિતાબ તથા હિકમતની તા'લીમ આપે છે અને તમને એ ચીજોની તા'લીમ આપે છે જેમને પહેલાં તમે જાણતા ન હતા." *(સૂરએ બક્રહ, આ. ૧૫૧)*

**૦૮.** ઈન્સાન એની સાથે મહોબ્બત કરે છે જેના કારણે તેને **દુનિયામાં કોઈ મુસીબત તથા અઝાબથી નજાત** મળે અને નબી કરીમ علیہ الصلوۃ والسلام ના કારણે અલ્લાહ તઆલાએ આસ્માની અઝાબ મોકલવાનો ક્રમ બંધ કરી આપ્યો. અલ્લાહ તઆલા ફર્માવે છે :–

مَا كَانَ اللّٰهُ لِيُعَذِّبَهُمْ وَ اَنْتَ فِيْهِمْ ؕ وَ مَا كَانَ اللّٰهُ مُعَذِّبَهُمْ وَ هُمْ يَسْتَغْفِرُوْنَ﴿۳۳﴾

"અને અલ્લાહની શાન નથી કે લોકોને અઝાબ આપે એ હાલતમાં કે (હે મહબૂબ !) આપ એમનામાં મૌજૂદ છે." *(સૂરએ અન્ફાલ, આ. ૩૩)*

**૦૯.** જેના લીધે **દુનિયાની મુસીબતથી છૂટકારો મળે,** જ્યારે ઈન્સાન તેનાથી મહોબ્બત કરે છે તો એનાથી મહોબ્બત કરવી અધિક પાત્રતા ધરાવે છે જેના લીધે તેને **આખેરતની મુસીબત તથા અઝાબથી નજાત** મળે. અને જ્યારે આખેરતમાં હયબતે ઈલાહીથી સર્વે અંબિયા તથા રસૂલો ખૌફઝદા હશે, જ્યારે કોઈ કોઈના કામ નહીં આવે, સર્વ નફ્સી ! નફ્સી ! કહી રહ્યા હશે, એવા વખતે કેવળ નબીએ મોઅઝ્ઝમ علیہ الصلوۃ والسلام કામ આવશે અને અલ્લાહ તઆલાથી શફાઅત કરીને લોકોને

મુસીબતથી છોડાવશે અને જન્નતમાં દાખલ કરશે.

ઈમામ બુખારી રિવાયત કરે છે. હઝરત અનસ વર્ણવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, અલ્લાહ તઆલા કયામતના દિવસે લોકોને એકત્ર કરશે. લોકો કહેશે કે કાશ ! આપણે આપણા રબની હુઝૂર કોઈની શફાઅત શોધીએ જે આપણને આ જગાએથી રાહત અપાવે. પછી તેઓ હઝરત આદમ علیہ السلامની પાસે આવશે અને કહેશે કે અલ્લાહ તઆલાએ આપને પોતાના દસ્તે કુદરત વડે પેદા કર્યા છે અને આપનામાં પોતાની પસંદીદા રૂહ ફૂંકી અને ફરિશ્તાઓને હુકમ આપ્યો કે તેઓ આપને સજદો કરે. આપ આપણા રબની સમક્ષ શફાઅત કરો. હઝરત આદમ علیہ السلام કહેશે, હું તમારું કામ નથી કરી શકતો અને પોતાની ખતાએ ઈજતેહાદી યાદ કરશે. કહેશે, તમે લોકો નૂહની પાસે જાવ, તે પહેલા રસૂલ છે જેમને અલ્લાહે શરીઅતની સાથે મોકલ્યા. લોકો એમની પાસે જશે. તે કહેશે કે હું તમારું કામ નથી કરી શક્તો અને પોતાની ઈજતેહાદી ખતા યાદ કરશે, તમે ઈબ્રાહીમ علیہ السلامની પાસે જાવ જેમને અલ્લાહ તઆલાએ પોતાના ખલીલ બનાવ્યા હતા. લોકો એમની પાસે જશે. તે પણ કહેશે, હું તમારું કામ નથી કરી શક્તો અને પોતાની ઈજતેહાદી ખતા યાદ કરશે, તમે મૂસા علیہ السلامની પાસે જાવ જેમની સાથે અલ્લાહે કલામ કર્યો. લોકો એમની પાસે જશે. તે કહેશે કે હું તમારું કામ નથી કરી શક્તો, અને પોતાની ઈજતેહાદી ખતા યાદ કરશે, તમે ઈસા علیہ السلامની પાસે જાવ. તેઓ એમની પાસે જશે. તે કહેશે કે હું તમારું કામ નથી કરી શકતો. તમે હઝરત મુહમ્મદ ﷺની પાસે જાવ. પછી લોકો મારી પાસે આવશે. હું અલ્લાહ તઆલાથી ઈજાઝત તલબ કરીશ. હું સજદામાં પડી જઈશ. પછી જ્યાં સુધી અલ્લાહ તઆલા ચાહશે મને સજદામાં રહેવા દેશે. પછી મને કહેવામાં આવશે, તમારું માથુ ઉઠાવો ! માગો, તમને આપવામાં આવશે. કહો, તમારી વાત સાંભળવામાં આવશે. શફાઅત કરો, કબૂલ કરવામાં આવશે. પછી હું

મારુ માથુ ઉઠાવીશ. પછી હું મારા રબની એ શબ્દો વડે હમ્દ કરીશ જે મને તાલીમ આપશે. પછી હું શફાઅત કરીશ. પછી મારા માટે એક હદ નિશ્ચિત કરવામાં આવશે. હું એ હદના પ્રમાણે લોકોને જહન્નમથી કાઢીને જન્નતમાં દાખલ કરીશ. પછી હું બીજીવાર સજદો કરીશ. પછી ત્રીજીવાર કે ચોથીવાર ફર્માવ્યું. ત્યાં સુધી કે જહન્નમમાં કેવળ એ લોકો રહી જશે જેમનું જહન્નમથી નીકળવું કુર્આનની રૂએ મના છે. એટલે કે જે લોકો માટે હમેશગી છે. (અને એ કાફિરો છે) –*(સહીહ બુખારી, ૨/૩૭૯)*

અલ્લાહુ અકબર ! તે અજબનો મન્ઝર હશે. લોકો પરેશાન હશે. રસૂલુલ્લાહ ﷺના સજદો કરતાં કેવો ઈન્કિલાબ આવી જશે ! તે ખુદાએ કહ્હારે જે કોઈના મનાવ્યે માની રહ્યો ન હતો, કોઈનાથી રાજી ન થઈ રહ્યો હતો, તે હવે મુસ્તફા ﷺને રાજી કરી રહ્યો છે !

**૧૦.** ઈન્સાન એની સાથે મહોબ્બત કરે છે જે એની સાથે **એહસાન** કરે. અને સૈયદના રસૂલુલ્લાહ ﷺએ સામાન્યતઃ માનવજાત પર અને વિશેષતઃ મુસલમાનો પર જે એહસાનો કર્યા છે એની કોણ ગણત્રી કરી શકે છે ! **લોકો એકદમ જહન્નમની તરફ ભાગી રહ્યા હતા, આપ તેમને પકડી પકડી જહન્નમથી જન્નતની તરફ લાવ્યા.** પથ્થર ખાયને, ગાળો સાંભળીને, એ જફાકેશોને કાયમી નેઅમતોની તરફ બોલાવતા રહ્યા. દુનિયામાં નેકીની સાથે જીવવા અને હક્કની રાહમાં મરવાનું ચલણ શીખવાડતા રહ્યા. જેમની તાલીમ તથા તર્બિયતે કાયા પલટી કાઢી, મૂર્તિપૂજકોને બુતશિકન, ડાકૂઓને રહનુમા અને ગુનાહોના આદીઓને ફરિશ્તા રશ્ક કરે તેવા નેકી કરનારા બનાવી દીધા.

તો જો તમે જમાલથી મહોબ્બત કરો છો તો તેમના જેવો કોઈ જમીલ નથી, અને જો કમાલથી મહોબ્બત કરો છો તો એમના જેવો કોઈનામાં કમાલ નથી. આપ એવા બાકમાલ છે કે અલ્લાહ તઆલાએ નબુવ્વતના ક્રમને એમના પર ખત્મ કરી દીધો. અને જો એહસાન કરનારાથી મહોબ્બત

કરો છો તો આપ "મોહસિને આ'ઝમ" છે. દુનિયાની નેઅમત હોય કે આખેરતની નેઅમત હોય, દરેક નેઅમત એમના થકી તથા એમના વસીલાથી મળે છે. તો આવા મુન્ઈમ તથા મોહસિન, આવા હસીનો જમીલ તથા કમાલવાળા સાથે જેટલી પણ મહોબ્બત કરવામાં આવે તે ઓછી છે, અને હક્ક એ છે કે એમને સ્વજાત કરતાં પણ અધિક ચાહવામાં આવે, બલ્કે પોતાનાં મા બાપ તથા ઓલાદ તથા સર્વ લોકો કરતાં અધિક ચાહવામાં આવે.

## નબી ﷺની તા'ઝીમ તથા મહોબ્બતનાં અમુક દૃશ્યો !

કાઝી અયાઝ માલિકી رحمۃ اللہ علیہ લખે છે : હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ બયાન કરે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, મને ખૂબ જ અધિક પ્રમાણમાં મહોબ્બત કરવાવાળા લોકો મારા બાદ થશે. તેમની એવી તમન્ના હશે કે કાશ ! તેમના સર્વ અહલ તથા માલને લઈ લેવામાં આવે અને તેના પછી તેમને મારી ઝિયારત હાંસલ થઈ જાય. *(સહીહ મુસ્લિમ–૨/૩૭૯)*

ઈમામ ઈબ્ને અસાકિરે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત કરી છે કે હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہએ નબી કરીમ ﷺથી અર્ઝ કરી, એ જાતની કસમ જેણે આપને હક્કની સાથે મબ્ઊષ કર્યા છે ! જો મારા બાપ અબૂ કુહાફા (પોતાના પિતા)ની જગાએ અબૂ તાલિબ (હુઝૂરના કાકા) ઈમાન લઈ આવત તો એનાથી મારી આંખોને અધિક ઠંડક પહોંચતી, કેમ કે અબૂ તાલિબનું ઈમાન લાવવું એ આપની આંખો ﷺની ઠંડક હતું.

ઈમામ બયહકી તથા ઈમામ બઝ્ઝાર હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત કરી છે કે હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہએ (હુઝૂરના કાકા) હઝરત અબ્બાસ رضی اللہ عنہને કહ્યું, આપનું ઈસ્લામ સ્વીકારવું મારી નજીક (મારા બાપ) ખત્તાબના ઈસ્લામ લાવવા કરતાં અધિક પ્યારું છે,

કેમ કે આપનું ઈસ્લામ સ્વીકારવું રસૂલુલ્લાહ ﷺને અધિક પ્યારુ હતું.

આ હદીષોમાં એ બયાન છે કે હઝરત અબૂ બક્ર તથા હઝરત ઉમર رضی اللہ عنہماએ પોતાની ચાહત પર રસૂલુલ્લાહ ﷺની ચાહતને અગ્રતા આપી. *(નસીમુર્રિયાઝ, ૩/૩૫૩, બૈરૂત)*

ઈમામ ઈબ્ને ઈસ્હાકે પોતાની સીરતમાં લખ્યું છે અને ઈમામ બયહક઼ીએ ઈસ્માઈલ ઈબ્ને મુહમ્મદ ઈબ્ને સઅદ ઈબ્ને અબી વક્કાસથી મુરસલન રિવાયત કરી છે કે અન્સારની એક સ્ત્રીના બાપ, ભાઈ તથા પતિ જંગે ઓહદમાં શહીદ થઈ ગયા. આ ત્રણેવ રસૂલુલ્લાહ ﷺની સાથે ગઝવએ ઓહદમાં ગયા હતા. તેણીએ પૂછયું, રસૂલુલ્લાહ ﷺનો શો હાલ છે ? સહાબાએ કહ્યું, અલ્લાહનો શુક્ર છે જે રીતે તમારી તમન્ના હતી, આપ ખૈરિયતથી છે. તેણીએ કહ્યું કે મને બતાવો કે રસૂલુલ્લાહ ﷺ ક્યાં છે કે જેથી હું આપનો ચહેરો જોઈ લઉં. જ્યારે તેણીએ આપના દીદાર કર્યા તો કહેવા લાગી, આપને સલામત જોયા બાદ દરેક મુસીબત આસાન છે (અને હવે મને કોઈ ચીજની પરવા નથી.)

ઈમામ બયહક઼ીએ ઉરવાથી રિવાયત કરી છે કે જ્યારે મક્કાવાસીઓ હઝરત ઝયદ બિન દષનહ رضی اللہ عنہને ક઼ત્લ કરવાના માટે હરમથી બહાર લઈ જવા લાગ્યા તો અબૂ સુફયાને કહ્યું, હે અબૂ ઝયદ ! હું તમને અલ્લાહની ક઼સમ આપીને પૂછુ છું, એ બતાવો કે શું તમે એ પસંદ કરો છો કે અત્યારે અમારી પાસે તમારી જગાએ મુહમ્મદ (ﷺ) હોતા અને તમારા બદલે એમની ગરદન મારી દેવામાં આવતી ? હઝરત ઝયદે કહ્યું, ખુદાની ક઼સમ ! મને તો એ પણ માન્ય નથી કે હું મારાં ઘરવાળાંઓમાં આરામથી રહું અને રસૂલુલ્લાહ ﷺના પગમાં કાંટો ભોંકાય જાય !

અબૂ સુફયાને કહ્યું, **ખુદાની ક઼સમ ! મેં કોઈ શખ્સને કોઈની સાથે આટલી મહોબ્બત કરતાં નથી જોયો, જેટલી મુહમ્મદ ﷺના**

**સહાબીઓને મુહમ્મદ ﷺ સાથે મહોબ્બત કરતા જોયા છે.** *(શિફા શરીફ–કાઝી અયાઝ, ૨/૧૭–૧૯, મુલ્તાન)*

અને ઈમામ બુખારી રિવાયત કરે છે : સુલહે હુદૈબિયાના મોકા પર ઉરવાએ ત્રાંસી નજરે હુઝૂર ﷺને જોયા. તેણે કહ્યું, ખુદાની કસમ ! રસૂલુલ્લાહ ﷺ જયારે પણ થૂકતા તો સહાબીઓમાંથી કોઈ ન કોઈ આપના લુઆબે દહનને પોતાના હાથો પર લઈ લેતો અને તેને ચહેરા તથા શરીર પર ઘસતો, અને જ્યારે આપ તેમને કોઈ વાતનો હુકમ આપતા તો તેના પર અમલ કરવા માટે સૌ ઝપટી પડતા. અને જયારે આપ વુઝૂ કરતા તો આપના શરીરને સ્પર્શીને પડવાવાળા પાણીને લેવા માટે તેઓ તૂટી પડતા અને એવું લાગતુ હતું કે આ પાણીને મેળવવા માટે તેઓ એકબીજાને કત્લ કરી આપશે. જયારે આપ વાતચીત કરતા તો તેઓ સૌ ખામોશ થઈ જતા અને તાઝીમના કારણે આપની તરફ નજર ઉઠાવતા ન હતા. જયારે ઉરવા પોતાના સાથીઓ (મક્કાના કાફિરો)ની તરફ પરત થયો તો તેણે કહ્યું, **ખુદાની કસમ ! હું મહાન બાદશાહોના દરબારોમાં ગયો છું, હું કૈસર, કિસ્રા તથા નજ્જાશીના ત્યાં ગયો છું, ખુદાની કસમ ! મેં કોઈ બાદશાહના દરબારીઓને એ બાદશાહની એટલા પ્રમાણમાં તાઝીમ કરતા નથી જોયા જેટલા પ્રમાણમાં મુહમ્મદ ﷺના સહાબીઓને મુહમ્મદ ﷺની તાઝીમ કરતા જોયા છે.** *(બુખારી શરીફ)*

## રસૂલુલ્લાહ ﷺથી મહોબ્બતની નિશાનીઓ

રસૂલુલ્લાહ ﷺથી મહોબ્બતની ઘણી નિશાનીઓ છે. અમો અહીં એમાંથી દસ નિશાનીઓ વર્ણવીએ છીએ.

**૧. રસૂલ ﷺનું આજ્ઞાપાલન** : જે વ્યક્તિ સાથે મહોબ્બત હોય છે માણસ તેનુ આજ્ઞાપાલન તથા અનુસરણ કરે છે. જેથી **રસૂલુલ્લાહ**

**ﷺથી મહોબ્બતની નિશાની એ છે કે આપના હુકમો પર અમલ કરવામાં આવે અને આપના નક્શે કદમ પર ચાલવામાં આવે.**

કુર્આન મજીદમાં છે :–

وَ مَآ اٰتٰىكُمُ الرَّسُوْلُ فَخُذُوْهُ ۚ وَ مَا نَهٰىكُمْ عَنْهُ فَانْتَهُوْا ۚ

"અને રસૂલુલ્લાહ ﷺ તમને જે (હુકમ) આપે એને લઈ લો અને જે ચીજથી મના કરે એનાથી રોકાઈ જાવ." *(સૂ. હશ્ર, આ–૭)*

બીજી આયતમાં છે :–

قُلْ اِنْ كُنْتُمْ تُحِبُّوْنَ اللّٰهَ فَاتَّبِعُوْنِيْ يُحْبِبْكُمُ اللّٰهُ وَ يَغْفِرْ لَكُمْ ذُنُوْبَكُمْ ؕ

"આપ ફર્માવી દો, જો તમો અલ્લાહથી મહોબ્બત ધરાવો છો તો મારી પયરવી કરો, અલ્લાહ તમને પોતાનો મહબૂબ બનાવી લેશે, અને તમારા ગુનાહ બખ્શી આપશે." *(સૂ. આલે ઈમરાન, આ–૩૧)*

તેમજ ફર્માવ્યું :–

قُلْ اَطِيْعُوا اللّٰهَ وَ الرَّسُوْلَ ۚ فَاِنْ تَوَلَّوْا فَاِنَّ اللّٰهَ لَا يُحِبُّ الْكٰفِرِيْنَ ۝

"આપ ફર્માવી દો, અલ્લાહ અને તેના રસૂલનું આજ્ઞાપાલન કરો, પછી જો તેઓ વિમુખ થાય તો બેશક ! અલ્લાહ કાફિરોને પસંદ નથી કરતો." *(સૂ. આલે ઈમરાન, આ–૩૨)*

એટલા માટે આપનાથી મહોબ્બતનો તકાઝો એ છે કે આપના હુકમો પર અમલ કરવામાં આવે અને જે કામોથી મના કર્યું છે એનાથી દૂર

રહેવામાં આવે, ચાહે તકલીફ હોય કે રાહત, ખુશી હોય કે રંજ, દરેક હાલતમાં આપના કાર્યોનું અનુસરણ તથા આપની સુન્નતોને અનુસરવામાં આવે અને પોતાના નફસની ઈચ્છાઓ અને ડિમાન્ડો પર આપની સુન્નતને અગ્રતા આપવામાં આવે.

હાફિઝ ઈબ્ને અસાકિર રિવાયત કરે છે : "જેણે મારી સુન્નત સાથે મહોબ્બત કરી તેણે મારી સાથે મહોબ્બત કરી." *(ઈબ્ને અસાકિર, તહઝીબે તારીખે દમિશ્ક઼, ૩/૧૪૫, બૈરૂત)*

ઈમામ તિર્મિઝી રિવાયત કરે છે : "હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ વર્ણન કરે છે કે મને રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, હે બેટા ! જો તમે એના પર શક્તિમાન હોવ કે એ હાલમાં સવાર તથા સાંજ કરો કે **તમારા દિલમાં કોઈના વિરૂધ્ધ ખોટ (કીનો) ન હોય, તો એવું કરી લો.** પછી ફર્માવ્યું, હે બેટા ! **આ મારી સુન્નત છે.** જેણે મારી સુન્નતને જીવંત કરી એણે મને જીવંત કર્યો, અને જેણે મને ઝિંદા કર્યો **તે મારી સાથે જન્નતમાં હશે."**

ક઼ાઝી અયાઝે આ હદીષને આ શબ્દોમાં વર્ણન કરી છે : "જેણે મારી સુન્નતથી મહોબ્બત કરી તેણે મારાથી મહોબ્બત કરી, અને જેણે મારાથી મહોબ્બત કરી એ મારી સાથે જન્નતમાં હશે." *(શિફા શરીફ, ૨/૨૦)*

સારાંશ એ કે જે શખ્સ રસૂલુલ્લાહ ﷺનું પૂર્ણપણે આજ્ઞાપાલન તથા અનુસરણ કરે છે અને આપનાથી કામિલ મહોબ્બત ધરાવે છે, અને જેના આજ્ઞાપાલન તથા અનુસરણ (ઈતાઅત તથા ઈત્તેબાઅ)માં કમી છે તેની મહોબ્બતમાં કમી છે. પરંતુ તે મહોબ્બતથી ખાલી નથી. એની દલીલ આ હદીષ છે. ઈમામ બુખારી રિવાયત કરે છે :

હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہ વર્ણવે છે કે રસૂલુલ્લાહ ﷺના (જાહેરી) સમયમાં અબ્દુલ્લાહ નામનો એક શખ્સ હતો એને હેમારનો લક઼બ

આપવામાં આવ્યો હતો. તે રસૂલુલ્લાહ ﷺને હસાવ્યા કરતો હતો. રસૂલુલ્લાહ ﷺએ તેને શરાબ પીવા પર કોરડા ફટકાર્યા હતા. તેને એક દિવસે ફરી લાવવામાં આવ્યો અને આપે તેને કોરડા મારવાનો હુકમ આપ્યો. લોકોમાંથી એક શખ્સે કહ્યું, હે અલ્લાહ ! આના પર લઅનત કર ! એને કેટલીવાર કોરડા મારવામાં આવ્યા છે ! નબી કરીમ ﷺએ ફર્માવ્યું, એને લઅનત ન કરો ! બખુદા ! તમને ખબર નથી, આ શખ્સ અલ્લાહ તથા તેના રસૂલથી મહોબ્બત કરે છે." *(જામેઅ તિર્મિઝી, પેજ–૩૮૨)*

## (૧) સુન્નતના અનુસરણની મીઠાશ

રસૂલુલ્લાહ ﷺની મહોબ્બતની ચાસણી અને આપની ઈત્તેબાઅ (અનુસરણ)ની મીઠાશ એ છે કે આપ ﷺની મુત્લક્ન ઈત્તેબાઅ કરવામાં આવે, ચાહે કોઈ કામની હિકમત બુદ્ધિમાં આવે કે ન આવે, અને કોઈ કામનો ફાયદો સમજમાં આવે કે ન આવે. **જે કામ આપ ﷺએ કર્યું હોય તે કામને કેવળ એ નિય્યતથી કરવામાં આવે કે એને આપ ﷺએ કર્યું છે એટલે કરીએ છીએ.**

ઈમામ બુખારી રિવાયત કરે છે : "ઝયદ બિન અસ્લમ رضی اللہ عنہ પોતાના પિતાથી રિવાયત કરે છે કે મેં જોયું કે હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہએ હજરે અસ્વદને બોસો આપ્યો અને કહ્યું, જો મેં એ ન જોયું હોત કે રસૂલુલ્લાહ ﷺએ તને બોસો આપ્યો છે તો હું તને બોસો ન આપત." *(બુખારી શરીફ)*

ઈમામ ઈબ્ને માજહ રિવાયત કરે છે : "ઉમૈયા બિન અબ્દુલ્લાહ બિન ખાલિદ કહે છે, તેમણે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہને પૂછયું કે વતનમાં તથા જંગની હાલતમાં નમાઝ પઢવાનો તરીકો તો કુર્આનમાં વર્ણન થયેલો છે, પરંતુ સફરમાં નમાઝ પઢવાનો તરીકો (એટલે

કસર કરવાનો) અમને કુર્આનમાં નથી મળતો ! હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہએ જવાબ આપ્યો કે અલ્લાહ તઆલાએ મુહમ્મદ ﷺને અમારી તરફ મોકલ્યા. અમને કોઈ ચીજનો ઈલ્મ નથી. અમે તે જ કરીએ છીએ જે અમે મુહમ્મદ ﷺને કરતાં જોયા છે. *(સુનને ઈબ્ને માજહ, પેજ–૭૪, કરાચી)*

અલ્લામા ખફફાજી મુસ્નદે બઝ્ઝાર તથા મુસ્નદે અહમદના હવાલાથી વર્ણન કરે છે : "હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما એક જગાએ ઊંટણી પર સવાર થઈને વર્તુળ બનાવી રહ્યા હતા. (ગોળ ચક્કર કાપી રહ્યા હતા) અમને પૂછવામાં આવ્યું, આ રીતે ગોળ ચક્કર મારવાની શું હિકમત છે ? તેમણે કહ્યું, મને કાંઈ ખબર નથી ! મેં આ સ્થળે રસૂલુલ્લાહ ﷺને ચક્કર કાપતા જોયા હતા, જેથી હું આ પ્રમાણે ચક્કર કાપી રહ્યો છું." *(નસીમુર્રિયાઝ, ૩/૩૩૭)*

ઔબેદ ઈબ્ને જુરૈજ કહે છે કે તેમણે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماને પૂછયું, હે અબૂ અબ્દુર્રહમાન ! મેં તમને ચાર એવાં કામો કરતા જોયા છે જે આપના સાથીઓમાંથી કોઈ નથી કરતું. હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہએ પૂછયું, એ કયાં કામો છે ?! તેમણે કહ્યું, મેં જોયું છે કે આપ કા'બાના ચાર ખૂણાઓમાંથી કેવળ બે ખૂણાઓ (હજરે અસ્વદ તથા રુકને યમાની) પર સ્પર્શ કરો છો. અને મેં તમને વાળો વિનાના ચામડાના જોડા પહેરતા જોયા છે. અને મેં તમને પીળા રંગનો ખિઝાબ લગાડતા જોયા. અને મેં જોયું કે આપ મક્કામાં હતા, લોકોએ ચાંદ જોતાં જ એહરામ બાંધી લીધો જ્યારે આપ યૌમે તરવિય્યહ (આઠ ઝીલ હજ્જ)થી પહેલાં એહરામ નથી બાંધતા. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماએ કહ્યું, અરકાનનું કારણ એ છે કે મેં રસૂલુલ્લાહ ﷺને કેવળ બે રુકનો (ખૂણાઓ) હજરે અસ્વદ તથા રુકને યમાનીને સ્પર્શતા જોયા છે. અને રહ્યું

વાળો વિનાના જોડા પહેરવું, તો મેં જોયું કે રસૂલુલ્લાહ ﷺ એવા ચામડાના જોડા પહેરતા હતા જેમાં વાળ ન હોતા, અને એમાં વુઝૂ કરતા હતા. તો હું પણ એવા ચામડાના જોડા પહેરવાનુ પસંદ કરું છું. અને રહ્યો પીળા રંગનો ખિઝાબ, તો તેનુ કારણ એ છે કે મેં રસૂલુલ્લાહ ﷺને પીળા રંગનો ખિઝાબ લગાડતા જોયા છે, જેથી મને પણ પીળા રંગનો ખિઝાબ લગાડવાથી મહોબ્બત છે. અને રહ્યું આઠ ઝીલ હજજના રોજ એહરામ બાંધવું, તો મેં આપને એ જ દિવસે એહરામ બાંધતા જોયા છે, જયારે આપની ઊંટણી આપને લઈને રવાના થઈ." *(સહીહ બુખારી, ૧/૨૮)*

આમ તો આ હદીષમાં વર્ણવેલ ચારેવ બાબતો હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماના રસૂલે પાક ﷺના અનુસરણની દલીલ પૂરી પાડે છે, પરંતુ ખાસ કરીને પ્રથમ બાબત વિચારવા જેવી છે, કેમ કે કા'બાના ચારેવ ખૂણાઓ બૌધ્ધિક દ્રષ્ટિએ તાઝીમ કરવાની બાબતે સમાનતા ધરાવે છે, અને રુકને યમાનીવાળા ખૂણાની બૌધ્ધિક રીતે કોઈ અગ્રતા નથી. પરંતું હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماએ રસૂલુલ્લાહ ﷺને કેવળ રુકને યમાનીને જ સ્પર્શ કરતાં જોયા હતા, એટલા માટે તે કેવળ એને જ સ્પર્શતા હતા.

એ જ પ્રમાણે જયારે રસૂલુલ્લાહ ﷺની સાથે સહાબાએ કિરામ ઉમરાએ હુદૈબિયહ કરવા ગયા તો મક્કાના કાફિરોએ સહાબાએ કિરામને જોઈને કહ્યું, યષરબના તાવે એમને કમજોર કરી દીધા છે. રસૂલુલ્લાહ ﷺએ આ સાંભળીને સહાબાએ કિરામને ફર્માવ્યું કે તવાફમાં 'રમલ' કરો. એટલે પહેલવાનની જેમ અકડાઈ અકડાઈને તવાફ કરો જેથી મક્કાના કાફિરોને જણાય કે એઓ કમજોર નથી પણ શક્તિમાન છે. પરંતું જયારે મક્કા ફતહ થઈ ગયું અને સર્વ અરબની ભૂમિમાં ઈસ્લામ ફેલાય ગયો તો હવે બૌધ્ધિક રીતે તવાફમાં 'રમલ'નું કોઈ કારણ ન હતું, છતાં

રસૂલુલ્લાહ ﷺએ તવાફમાં રમલ કર્યો હતો એટલા માટે રસૂલે પાક ﷺના સહાબીઓ બાદમાં પણ રમલ કરતા રહ્યા અને આજ સુધી એના પર અમલ થઈ રહ્યો છે.

ઈમામ બુખારી રિવાયત કરે છે : ઝયદ બિન અસ્લમ પોતાના પિતાથી રિવાયત કરે છે કે હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہએ હજરે અસ્વદને સંબોધીને કહ્યું, ખુદાની ક઼સમ ! મને યક઼ીનન ! ઈલ્મ છે કે તું કેવળ એક પથ્થર છે, ન નફો આપે છે ન નુકસાન. અને જો મેં એ ન જોયું હોત કે રસૂલુલ્લાહ ﷺએ તને બોસો આપ્યો છે તો હું તને બોસો ન આપત. પછી હઝરત ઉમરે હજરે અસ્વદને બોસો આપ્યો. પછી ફર્માવ્યું, આપણે રમલ કરવાની શું જરૂરત છે, આપણે મુશ્રિકોને (પોતાની શક્તિ) દેખાડવા રમલ કરતા હતા અને હવે અલ્લાહ તઆલાએ મુશ્રિકોને ખત્મ કરી આપ્યા છે ! પછી ફર્માવ્યું, રમલ તે કામ છે જેને રસૂલુલ્લાહ ﷺએ કર્યું છે. અને જે કામને આપ ﷺએ કર્યું હોય એને ત્યજવાનું પસંદ નથી કરતા." *(બુખારી શરીફ)*

## (૨) રસૂલુલ્લાહ ﷺનું બેઐબ હોવું

**મુહિબ્બની બીજી નિશાની** એ છે કે જે શખ્સને કોઈની સાથે મહોબ્બત હોય છે, તે પોતાના મહબૂબનો ન કોઈ અયબ જોઈ શકે છે, ન એનો અયબ સાંભળી શકે છે. ઈમામ અબૂ દાઊદ رضی اللہ عنہએ ફર્માવ્યું : કોઈ ચીજની મહોબ્બત તમને (એનો અયબ જોવાથી) આંધળા કરી દે છે અને (એનો અયબ સાંભળવાથી) બહેરા કરી દે છે. *(ઈમામ અબૂ દાઊદ, સુલૈમાન ઈબ્ને અશ્અષ, સુનને અબૂ દાઊદ, ૨/૨૪૩, લાહોર)*

આ હદીષને ઈમામ અહમદે પણ રિવાયત કરી છે. *(મુસ્નદે અહમદ ઈબ્ને હંબલ, ૫/૧૯૪, મુતર્જિમ, ૬/૪૫૦, બૈરૂત)*

સારાંશ કે જો ખરેખર મહબૂબમાં કોઈ અયબ હોય તો મોહિબ્બને તે અબય નજર નથી આવતો, અને ન તે એ અયબનું વર્ણન સાંભળી શકે છે, તરત જ તેને રદ કરી આપશે. તો જે ઝાતે કરીમ ﷺને અલ્લાહ તઆલાએ બનાવ્યા જ બેઐબ હોય, કોઈ એમાં અયબ કાઢે અને તેને સાંભળીને તે (મોહિબ્બ) ખામોશ રહે અને અયબ કાઢનારનો રદ ન કરે, તે એમનો મોહિબ્બ (ચાહક) નથી થઈ શકતો.

રસૂલુલ્લાહ ﷺના બેઐબ હોવા પર દલીલ એ છે કે **અલ્લાહ તઆલાએ આપને "મુહમ્મદ" ફર્માવ્યા છે, અને "મુહમ્મદ" નો અર્થ છે જેની હમ્દ તથા તારીફ કરવામાં આવી હોય, જેને દાદ આપવામાં આવી હોય, વખાણાયો હોય.** અને જેમાં અયબ હોય તેની મઝમ્મત (બુરાઈ) કરવામાં આવે છે, પ્રશંસા નથી કરવામાં આવતી ! રસૂલુલ્લાહ ﷺને અલ્લાહ તઆલાએ મુત્લક઼ન "મુહમ્મદ" ફર્માવ્યા છે. જો આપનામાં કોઈ રીતે પણ કોઈ અયબ હોત તો આપ મુત્લક઼ન "મુહમ્મદ" ન હોતા.

એકવાર એક ઈલ્મી મજલિસમાં મેં આ દલીલ વર્ણવી તો એક આલિમે એ એતરાઝ કર્યો કે احتیاج الی الغیر અયબ છે કે હુસ્ન ? જો એ અયબ છે તો આપ ﷺમાં અયબ સાબિત થઈ ગઈ, અને જો એ હુસ્ન છે તો સર્વ હુસ્નોનો જામેઅ (સંગમ) અલ્લાહ તઆલા છે તો પછી અલ્લાહ તઆલાએ પણ ગૈરનો મોહતાજ હોવું જોઈએ ! મેં કહ્યું, નમાઝ પઢવી, રોઝા રાખવા અને હજ કરવી એ આ અફઆલે કબીહ (ખરાબ કાર્યો) છે કે હસન (સારાં) ? જો એ બુરાં હોય તો લાઝિમ આવશે કે અલ્લાહ તઆલાની ઈબાદત કરવુ ટીકા પાત્ર થશે, અને જો એ હસન (સારું) હોય તો, આપની દલીલના એતબારથી જોઈએ કે પછી તો અલ્લાહ તઆલા પણ નમાઝ પઢે, રોઝા રાખે, હજ કરે અને કોઈની ઈબાદત કરે !

(મઆઝલ્લાહ !) કેમ કે તે સર્વ હુસ્નોનો જામેઅ (સંગમ) છે. અને એનો હલ એ છે કે આ કાર્યો حسن لذاته તથા قبيح لغيره છે. બંદાના એતબારથી એ કામો હસન (સારાં) છે, કેમ કે બંદાનું હુસ્ન એ છે કે તે મૌલાની ઈબાદત કરે, અને અલ્લાહ તઆલાના એતબારથી બુરાં છે, કેમ કે અલ્લાહ તઆલા માટે એ જાઈઝ નથી કે તે કોઈની ઈબાદત કરે.

એ જ પ્રમાણે નબી ﷺ અલ્લાહના બંદા છે. અને બંદાનો કમાલ એ છે કે તે પોતાના મૌલાનો મોહતાજ હોય. અને અલ્લાહ તઆલાના એતબારથી ગૈરનો મોહતાજ થવું કબીહ (બુરૂ) છે અને તેની શાનને લાયક નથી. જેથી احتياج الى الغير حسن لذاته તથા قبيح لغيره છે. બંદાના એતબારથી હસન છે અને અલ્લાહના એતબારથી કબીહ (બુરૂ) છે. જેથી એ સ્પષ્ટ થઈ ગયું કે નબી કરીમ ﷺમાં કોઈ રીતે પણ કોઈ ઐબ નથી, અને આપનું "મુહમ્મદ" હોવું આપના બેઐબ હોવાની દલીલ છે.

આ પોઈંટ મક્કાના કાફિરોને પણ માલૂમ હતો, એટલા માટે તે આપને "મુહમ્મદ" કહીને બુરા કહેતા ન હતા, કેમ કે "મુહમ્મદ" તો બુરો હોઈ જ નથી શકતો ! એટલા માટે એમણે આપનું નામ પોતાની રીતે "મુઝમ્મમ" રાખી દીધું, અને હવે તેઓ મુહમ્મદને બદલે મુઝમ્મમની બુરાઈ કરતા હતા, અને આ રીતે અલ્લાહ તઆલાએ આપને તેઓની બુરાઈથી મુક્ત કરી આપ્યા.

ઈમામ બુખારી رحمة الله عليه રિવાયત કરે છે : હઝરત અબૂ હુરૈરહ رضي الله عنه વર્ણવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "શું તમને આશ્ચર્ય નથી થતુ કે અલ્લાહ તઆલાએ કુરૈશના જુલ્મો સિતમને મારાથી કેવી રીતે દૂર કરી આપ્યો ?! તેઓ "મુઝમ્મમ"ને બુરો કહે છે, અને મુઝમ્મમને લઅનત કરે છે, અને હું તો "મુહમ્મદ" છું !" *(સહીહ બુખારી, ૧/૫૦૧)*

બીજી વસ્તુ એ છે કે મોહિબ્બ, મહબૂબના વિશે કોઈ ઐબ સાંભળી નથી શકતો. જો કોઈ ઐબ વર્ણવે તો મોહિબ્બ તરત તેની રદ કરે છે. વલીદ બિન મુગીરાએ આપને મજનૂન કહ્યા તો અલ્લાહ તઆલાએ એના વિશે *(સૂરએ "નૂન"ની ૧૩)* આયતો ઉતારી :–

نٓ وَ الْقَلَمِ وَ مَا يَسْطُرُوْنَ (છેવટ સુધી..) "નૂન–કલમની કસમ ! અને એના જે ફરિશ્તા લખે છે. (હે મહબૂબ !) આપ આપના રબના ફઝ્‌લથી મજનૂન નથી. અને યકીનન ! આપના માટે કદી ખત્મ ન થનારો અજરો સવાબ છે. અને બેશક ! આપ ખૂબ ઉચ્ચ અખ્લાક પર બિરાજમાન છો. અને નજીકમાં જ આપ જોશો અને તે પણ જોઈ લેશે, તમારામાંથી કોણ મજનૂન હતો. બેશક ! આપનો રબ જ તેને સારી રીતે જાણે છે, જે રાહથી ભટકેલો છે. અને તે હિદાયત પામેલા લોકોને પણ સારી રીતે જાણે છે તો આપ જૂઠલાવનારાઓની વાતથી રંજીદા ન થાવ. તેમણે એવું ચાહ્યું કે આપ એમની સાથે નિરર્થક નરમી કરો. અને આપ કોઈ એવા શખ્સની વાતથી રંજીદા ન થાવ જે ઘણો જ કસમો ખાનાર, ખૂબ જ ઝલીલ (નીચ) ખૂબ જ મહેણા મારનારો, ખૂબ જ હરતો ફરતો ચુગલખોર, નેકીથી મના કરનારો, હદથી વધનારો, સખત ગુનેહગાર, ખૂબ જ બૂરી આદતોવાળો અને એના ઉપરાંત **હરામઝાદો** છે." *(અલ્કલમ, આ. ૧ થી ૧૩)*

એ જ પ્રમાણે જ્યારે નબીએ કરીમ ﷺના સાહબઝાદા હઝરત ઈબ્રાહીમ رضی اللہ عنہનો વિસાલ થઈ ગયો તો આસ ઈબ્ને વાઈલે આપને અબ્તર (વાંઝિયા) કહ્યા. મઆઝલ્લાહ ! તો અલ્લાહ તઆલાએ આ આયત નાઝિલ ફર્માવી :–

اِنَّآ اَعْطَيْنٰكَ الْكَوْثَرَ فَصَلِّ لِرَبِّكَ وَ انْحَرْ اِنَّ شَانِئَكَ هُوَ الْاَبْتَرُ

"હે મહબૂબ ! બેશક ! અમે આપને ખયરે કષીર અતા ફર્માવી, તો આપ આપના રબના માટે નમાઝ પઢો અને કુર્બાની કરો. બેશક ! આપનો દુશ્મન જ (દરેક ભલાઈથી મેહરૂમ અને) વાંઝિયો છે.

*–(સૂ. કૌષર, આ. ૧ થી ૩)*

સારાંશ કે મહોબ્બતની નિશાની એ છે કે મોહિબ્બ (ચાહનારો) મહબૂબમાં ન કોઈ ઐબ જોઈ શકે છે, અને ન એના સંબંધે કોઈ ઐબ સાંભળવું માન્ય કરી શકે છે.

## (3) રસૂલુલ્લાહ ﷺનો ખૂબ જ વધુ પ્રમાણમાં ઝિક્ર કરવો

રસૂલુલ્લાહ ﷺથી મહોબ્બતની ત્રીજી નિશાની એ છે કે મોહિબ્બ, મહબૂબનો ખૂબ જ અધિક પ્રમાણમાં ઝિક્ર કરે. અલ્લામા અલી મુત્તક઼ી હિંદી ઈમામ દયલમીની મુસ્નદુલ ફિરદૌસના હવાલાથી વર્ણવે છે, હઝરત આઈશા સિદીક઼ા رضی اللہ عنہا વર્ણવે છે કે રસૂલુલ્લાહ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, "જે શખ્સ જે ચીજ સાથે મહોબ્બત કરે છે તેનો ખૂબ જ અધિક પ્રમાણમાં ઝિક્ર (ઉલ્લેખ) કરે છે." *(કન્ઝુલ ઉમ્માલ, ૧/૪૨૫, બૈરૂત)*

અલ્લામા ઝુબૈદીએ પણ આ હદીષનો ઈમામ દયલમીની મુસ્નદુલ ફિરદૌસ તથા ઈમામ અબૂ નુઐમ અસ્ફહાનીની હિલ્યતુલ અવલિયાના હવાલાથી ઉલ્લેખ કર્યો છે. *(ઈત્હાફુસ્સાદતુલ્ મુત્તક઼ીન, ૫/૨૦, ૯/૬૨૧, મિસ્ર)*

અલ્લાહ તઆલા રસૂલુલ્લાહ ﷺનો મોહિબ્બ છે અને તેણે કુર્આન મજીદમાં આપનો ખૂબ જ અધિક પ્રમાણમાં ઝિક્ર કર્યો છે અને ફર્માવ્યું : اِنَّ اللّٰهَ وَ مَلٰٓىِٕكَتَهٗ یُصَلُّوْنَ عَلَى النَّبِیِّؕ "અલ્લાહ અને તેના ફરિશ્તા એ નબી પર સલાત પઢતા રહે છ. (દુરૂદ મોકલતા રહે છે)" *(સૂરએ અહ઼ઝાબ, આ. ૫૬)*

આ વાક઼્ય ઈસ્મિયા છે તેની ખબર ફેઅલે મઝારેઅ છે અને આ

પ્રકારનું વાક્ય દવામે તજદ્દુદી (હમેશાં સતત થનારું કામ) માટે દલીલ પૂરી પાડે છે. એટલે કે અલ્લાહ તઆલા અને તેના ફરિશ્તા નબી પર હમેશાં હમેશાં સલાત પઢતા રહે છે. ફરિશ્તા અલ્લાહ તઆલાથી આપના માટે રહ્મત તલબ કરે છે, અને અલ્લાહ તઆલા આપના પર રહ્મત કરતો રહે છે. તેમજ અલ્લાહ તઆલાએ ફર્માવ્યું : وَرَفَعْنَا لَكَ ذِكْرَكَ ''અને અમે આપના માટે આપના ઝિક્રને બુલંદ કરી દીધું.'' *(સૂરએ ઈન્શેરાહ, આ. ૪)*

દુનિયામાં કોઈ ન કોઈ જગાએ દરેક સમયે સૂર્યાસ્ત થઈ રહ્યો છે અને જ્યાં સૂર્યાસ્ત થઈ રહ્યો છે ત્યાં અઝાનમાં اَشْهَدُ اَنَّ مُحَمَّدًا رَّسُوْلُ اللهِ પઢવામાં આવી રહ્યું છે. એ જ પ્રમાણે દુનિયામાં કોઈ ન કોઈ જગાએ દરેક સમયે ફજર તુલૂઅ થવાનો સમય છે અને ફજરની અઝાન થઈ રહી છે, અને મોટા અવાજે આપનું નામ પઢવામાં આવી રહ્યું છે. સારાંશ કે દરેક ક્ષણે પૃથ્વીના પટ પર આપનો ઝિક્ર બુલંદ થઈ રહ્યો છે અને ક્યામત સુધી આપનો ઝિક્ર આ જ રીતે બુલંદ થતો રહેશે.

રસૂલુલ્લાહ ﷺ પર ખૂબ જ અધિક પ્રમાણમાં સલાતો સલામ પઢવું, મીલાદની મેહફિલો, સીરતની મેહફિલો ગોઠવવી, આપની અઝમત તથા શાન પર આધારિત નઅતો પઢવી, આ તમામ બાબતો આપની મહોબ્બતની નિશાની છે.

## (૫) રસૂલુલ્લાહ ﷺની શાનથી ખુશ થવું

મહોબ્બતની ચોથી નિશાની એ છે કે મહબૂબનો ઝિક્ર સાંભળવાથી મોહિબ્બ ખુશ થાય છે. તો જ્યારે રસૂલુલ્લાહ ﷺની નઅત પઢવામાં આવી રહી હોય, અને આપના ફઝાઈલ તથા કમાલો વર્ણન કરવામાં આવી રહ્યા હોય તો જે ચહેરાઓ પર ખુશી તથા મસર્રતના ભાવો હોય,

જે ચહેરા ફૂલની જેમ ખીલી ઉઠે, જે લોકો આપની તારીફ સાંભળીને વજ્દમાં આવવા લાગે અને ખુશીના આવેશમાં નારા લગાડે, તેઓ આપના મોહિબ્બ (ચાહનારા) છે. અને જે લોકોના ચહેરા આપ عليه الصلوة والسلامના ફઝાઈલ તથા કમાલો સાંભળીને મુરઝાય જાય, જે લોકો આપની પ્રશંસાઓ તથા ખૂબીઓ સાંભળીને ગુસ્સામાં આવી જાય, જે લોકો આપ ﷺનો ઝિક્ર કરવા તથા આપ પર સલાત પઢવાથી રોકે અને મના કરે તે આપના મોહિબ્બ (મહોબ્બત કરનારા) નથી.

## રસૂલુલ્લાહ ﷺની શાન વર્ણવવામાં અતિશયોક્તિથી બચવું

રસૂલુલ્લાહ ﷺની શાન વર્ણવવામાં અને આપની નઅતમાં એ અદબનો ખયાલ રાખવો જોઈએ કે ન આપને અલ્લાહ તઆલાના બરાબર વર્ણવવામાં આવે, ન આપને અલ્લાહ તઆલાથી વધારવામાં આવે. દા.ત. એવું ન કહેવામાં આવે કે, "ખુદાનો ઝિક્ર મટી જશે અને મુસ્તફાનો ઝિક્ર જારી રહેશે." અથવા "ખુદાની આપેલી આંખમાં એટલી રોશની ન હતી, જેટલી મુસ્તફાની આપેલ આંખમાં રોશની હતી."

અમુક વાઈઝ કરનારાઓ ખિતાબતના જોશમાં આવીને અથવા નારા લગાડાવવા માટે તથા વાહ વાહ મેળવવાના શોખમાં આ પ્રકારની વાતો કહી જાય છે. આ સર્વથી બચવું અનિવાર્ય છે. રસૂલુલ્લાહ ﷺ અલ્લાહની મખ્લૂક તથા તેના બંદા છે, ન ખુદા છે ન ખુદાથી વધીને છે. આપ અલ્લાહ તઆલાની મખ્લૂકમાં સૌથી શ્રેષ્ઠ તથા સૌથી અફઝલ છે અને આ આપની ઘણી જ મહાન ફઝીલત છે.

## (૫) રસૂલુલ્લાહ ﷺની તાઝીમ તથા અદબ કરવી

મોહિબ્બની પાંચમી નિશાની એ છે કે રસૂલુલ્લાહ ﷺનો ઝિક્ર

કરતી વખતે આપની તાઝીમ તથા તૌકીર કરવી અને આપનુ નામ મુબારક સાંભળવા પર ખુઝૂઅ તથા ખુશૂઅને પ્રદર્શિત કરવું, એ આપથી મોહબ્બતની નિશાની છે.

શયખ અબ્દુલહક્ક મોહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ લખે છે : "અબૂ ઈબ્રાહીમ યહ્યા ફર્માવે છે કે દરેક મુસલમાન પર લાઝિમ છે કે જ્યારે એની સમક્ષ રસૂલુલ્લાહ ﷺનો ઝિક્ર કરવામાં આવે તો તે અદબ તથા એહતેરામની સાથે સાંભળે અને શરીરને હલાવે પણ નહીં, અને પોતાના પર એવો પ્રભાવ તથા જલાલ લાગુ કરે, જાણે કે તે રસૂલુલ્લાહ ﷺની સામે ઉભો છે. હઝરત અબૂ ઐયૂબ સખ્તયાની رحمۃ اللہ علیہની સમક્ષ જ્યારે રસૂલુલ્લાહ ﷺનો ઝિક્ર કરવામાં આવતો તો એટલા પ્રમાણમાં રડતા કે લોકોને એમના હાલ પર દયા આવી જતી.

જઅફર બિન મુહમ્મદ ખુશ મિઝાજ તથા હસમુખા માણસ હતા, પણ જ્યારે એમની સમક્ષ રસૂલુલ્લાહ ﷺનો ઉલ્લેખ કરવામાં આવતો તો તેમનો રંગ પીળો પડી જતો. આમિર બિન અબ્દુલ્લાહ બિન ઝુબેર رضی اللہ عنہماની સમક્ષ જ્યારે રસૂલુલ્લાહ ﷺનો ઉલ્લેખ કરવામાં આવતો તો રડવા લાગતા, ત્યાં સુધી કે તેમની આંખોનાં આંસૂ બાકી ન રહેતાં ! ઝુહરી ઘણા જ બાઅખ્લાક઼ તથા મેહફિલી માણસ હતા, પરંતું જ્યારે એમની સમક્ષ રસૂલૂલ્લાહ ﷺનો ઉલ્લેખ કરવામાં આવતો તો એ રીતે ગુમસુમ થઈ જતા જાણે તે કોઈને ઓળખતા જ નથી ન કોઈ તેમને ઓળ ખે છે. અબ્દુર્રહમાન મહદીની સામે જ્યારે હદીષ પઢવામાં આવતી તો લોકોને ખામોશ રહેવાનો હુકમ આપી દેતા અને કહેતા :–

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَرْفَعُوْٓا اَصْوَاتَكُمْ فَوْقَ صَوْتِ النَّبِيِّ

"હે ઈમાનવાળાઓ ! એ નબી ના અવાજ પર તમારો અવાજ ઊંચો ન કરો." *(સૂ. હુજુરાત–આ–૨)*

તે કહેતા હતા જેવી રીતે રસૂલુલ્લાહ ﷺના કલામ (વાતચીત) દરમ્યાન ખામોશ રહેવું જરૂરી છે, એવી જ રીતે આપની હદીષ સાંભળ તી વખતે પણ ખામોશ રહેવું જરૂરી છે, કેમ કે હદીષ પણ આપનુ કલામ છે.

## (૬) રસૂલુલ્લાહ ﷺ પર સલાતો સલામ પઢવું

મહોબ્બતની છટ્ટી નિશાની એ છે કે મહબૂબનો ઝિક્ર સાંભળ્યા પછી મહબૂબના હક્કમાં દુઆ કરે. એટલા માટે રસૂલુલ્લાહ ﷺથી મહોબ્બતની નિશાની એ છે કે જ્યારે કોઈ મુસલમાન આપનું નામ લે અથવા એની સામે આપનું નામ લેવામાં આવે તો તે આપ પર સલાતો સલામ પઢે.

અલ્લામા ઈબ્ને કૈયિમ જવઝિયા લખે છે : "ઈમામ અબૂ જઅફર તહાવી અને અલ્લામા અબૂ અબ્દુલ્લાહ હલીમીનો મસ્લક એ છે કે જ્યારે પણ કોઈ શખ્સ આપનો ઝિક્ર કરે તો એના પર આપના ઝિક્રની સાથે દુરૂદ શરીફ પઢવુ ફર્ઝ છે અને નહીં પઢે તો ગુનેહગાર થશે." તેમની દલીલો આ છે :

ઈમામ તિર્મિઝીએ હસન સનદ સાથે અને ઈમામ હાકિમે સહીહ સનદ સાથે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત કરી છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, "તે શખ્સ કંજૂસ છે જેની સમક્ષ મારું નામ ઝિક્ર કરવામાં આવ્યું અને તેણે મારા પર દુરૂદ ન પઢયું."

ઈમામ નિસાઈએ સહીહ સનદ સાથે હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી રિવાયત કરી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "તે શખ્સ બખીલ છે જેની સમક્ષ મારો ઉલ્લેખ કરવામાં આવ્યો અને તેણે મારા પર દુરૂદ ન પઢયું."

તેમજ તેમણે કહ્યું છે કે જે શખ્સે નબી ﷺનો ઉલ્લેખ કર્યો અથવા તેની સમક્ષ આપનો ઝિક્ર કરવામાં આવ્યો અને તેણે આપના પર દુરૂદ ન પઢયું, તો તેણે આપની સાથે બેવફાઈ કરી અને કોઈ મુસલમાનના માટે આપની સાથે બેવફાઈ કરવી જાઈઝ નથી, કેમ કે ઈમામ અબ્દુર્રઝ્ઝાક઼ ક઼તાદા رضی اللہ عنہથી રિવાયત કરી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''બેવફાઈઓમાંથી એ છે કે કોઈ શખ્સની સામે મારો ઝિક્ર કરવામાં આવે અને તે મારા પર દુરૂદ ન પઢે'' (ﷺ)

અને સહીહ હદીષમાં છે કે, ''કોઈ શખ્સ ત્યાં સુધી મો'મિન નથી થઈ શકતો જ્યાં સુધી પોતાની ઔલાદ, મા બાપ અને તમામ લોકો કરતાં અધિક આપને મહોબ્બત ન કરે. એટલા માટે મોમિનની નજીક આપનુ સૌથી અધિક પ્રિય હોવું ફર્ઝ છે, અને એના પર એ લાઝિમ છે કે તે આપની તાઝીમ તથા તૌક઼ીર કરે, અને તાઝીમ તથા તૌક઼ીર માટે એ અનિવાર્ય છે કે જ્યારે આપનો ઝિક્ર કરે અથવા આપનો ઝિક્ર સાંભળે તો આપ પર દુરૂદ શરીફ પઢે. અને જમહૂર ઉલમાની નજીક એ મુસ્તહબ છે. *(જલાઉલ ઈફહામ, ભેજ, ૨૨૯–૨૩૭)*

તેમજ અલ્લામા ઈબ્ને ક઼ૈયિમ જવઝિયા પોતાની સનદની સાથે વર્ણન કરે છે : ''અબૂ બક્ર મુહમ્મદ ઈબ્ને ઉમરે કહ્યું કે હું અબૂ બક્ર ઈબ્ને મુજાહિદની પાસે બેઠેલો હતો. એવામાં શિબ્લી આવી ગયા. તો અબૂ બક્ર બિન મુજાહિદ એમના માટે ઉભા થયા અને તેમનાથી મુઆનિક઼ા કર્યો (ગળે મળ્યા), અને તેમની આંખોની દરમ્યાન બોસો આપ્યો. મેં કહ્યું, યા સૈયદી ! સર્વ બગદાદના લોકો તો શિબ્લીને દીવાના કહે છે અને આપે એમની આટલા પ્રમાણમાં તાઝીમ કરી ?! તેમણે કહ્યું કે મેં એમની સાથે તે જ કર્યું જે મેં રસૂલુલ્લાહ ﷺને એમની સાથે કરતાં જોયું છે, અને એનું કારણ એ છે કે મેં એક દિવસ ખ્વાબમાં રસૂલુલ્લાહ ﷺની ઝિયારત

કરી. શિબ્લી આવ્યા તો રસૂલુલ્લાહ ﷺ તેના માટે ઉભા થઈ ગયા અને તેની આંખોની વચ્ચે બોસો આપ્યો. મેં કહ્યું, યા રસૂલુલ્લાહ ! ﷺ આપ શિબ્લીની આટલા પ્રમાણમાં ઈજ્જત કરો છો ? આપે ફર્માવ્યું, આ શખ્સ દરેક નમાઝ બાદ આ આયત પઢે છે :–

لَقَدْ جَآءَكُمْ رَسُوْلٌ مِّنْ اَنْفُسِكُمْ عَزِيْزٌ عَلَيْهِ مَا
عَنِتُّمْ حَرِيْصٌ عَلَيْكُمْ بِالْمُؤْمِنِيْنَ رَءُوْفٌ رَّحِيْمٌ ﴿١٢٨﴾

"બેશક્ ! તમારી પાસે તમારામાંથી એક મહાન રસૂલ તશરીફ લાવ્યા, તેમના માટે તમારું તકલીફમાં પડવું સખત ભારે છે. એઓ તમારી ખૂબ જ ભલાઈ ચાહવાવાળા છે અને મો'મિનો પર ખૂબ જ રહીમ તથા બેહદ મહેરબાન છે." *(સૂ. તૌબા, આ. ૧૨૮)*

આ આયત પછી ત્રણ વાર મારા પર દુરૂદ પઢે છે અને કહે છે : صَلَّى اللّٰهُ عَلَيْكَ يَا مُحَمَّد "સલ્લલ્લાહુ અલૈક યા મુહમ્મદ." (ﷺ) પછી જ્યારે મારી પાસે શિબ્લી આવ્યા તો મેં તેમને પૂછયું, આપ દરેક નમાઝ બાદ શું પઢો છો ? તો તેમણે આ જ પ્રમાણે વર્ણન કર્યું. *(જલાઉલ ઈફહામ, પેજ–૨૮૫)*

## (૭) રસૂલુલ્લાહ ﷺથી મુલાકાતનો શોખ હોવો

મોહિબ્બની સાતમી નિશાની મહબૂબ સાથે મુલાકાતનો શોખ હોવું છે. દરેક તાલિબ તથા મુહિબ્બ પોતાના મત્લૂબ તથા મહબૂબ સાથે મુલાકાતની તમન્ના ધરાવતો હોય છે. એટલા માટે રસૂલુલ્લાહ ﷺથી મહોબ્બતની નિશાની એ છે કે મુલમાનના દિલમાં આપની ઝિયારત તથા આપની મુલાકાતનો શોખ હોય.

ઈમામ મુસ્લિમ રિવાયત કરે છે. હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ વર્ણવે

છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "મારી ઉમ્મતમાં મારી સાથે સૌથી વધુ મહોબ્બત કરવાવાળા લોકો મારા બાદ થશે, એમનામાંથી કોઈ એક શખ્સની એ તમન્ના હશે કે કાશ ! તેના સર્વ ઘરવાળાં તથા માલના બદલામાં તેને મારી ઝિયારત નસીબ થઈ જાય." *(સહીહ મુસ્લિમ, ૨/૩૭૯)*

આ હદીષને ઈમામ અહમદે પણ રિવાયત કરી છે. *(મુસ્નદે અહમદ, ૫/૧૫૬, ૧૭૦)*

ઈમામ દયલમી رحمۃ اللہ علیہ રિવાયત કરે છે. હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما વર્ણવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "જે શખ્સે બયતુલ્લાહનો હજ કર્યો અને મારી ઝિયારત ન કરી, તેણે મારી સાથે બેવફાઈ કરી. *(દયલમી, ફિરદોસુલ અખ્બાર, ૪/૭૧, બૈરૂત)*

## (૮) રસૂલુલ્લાહ ﷺના મહબૂબો સાથે મહોબ્બત

મોહિબ્બની આઠમી નિશાની એ છે કે ઈન્સાન મહબૂબના મહબૂબોની સાથે પણ મહોબ્બત કરે છે. એટલા માટે રસૂલુલ્લાહ ﷺ સાથે મહોબ્બતનો તકાઝો એ છે કે રસૂલુલ્લાહ ﷺના સહાબીઓ તથા અઝવાજે મુતહ્હરાત સાથે પણ મહોબ્બત હોય. ઈમામ તિર્મિઝી رحمۃ اللہ علیہ રિવાયત કરે છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મુગફલ رضی اللہ عنہ વર્ણવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું :

"મારા સહાબાએ કિરામના બારામાં અલ્લાહ તઆલાથી ડરો ! મારા પછી તેમને વાંધાઓનું નિશાન ન બનાવશો. જેણે એમની સાથે મહોબ્બત કરી તેણે મારી મહોબ્બતના કારણે મહોબ્બત કરી, અને જેણે એમની સાથે અદાવત રાખી તેણે મારી સાથે અદાવતના કારણે તેમની સાથે અદાવત રાખી. જેણે એમને તકલીફ પહોંચાડી તેણે મને તકલીફ પહોંચાડી. અને જેણે મને તકલીફ પહોંચાડી તેણે અલ્લાહ તઆલાને

તકલીફ આપી (નારાજ કર્યો) અને જેણે અલ્લાહ તઆલાને તકલીફ પહોંચાડી, નજીક છે કે અલ્લાહ તઆલા તેને પકડી લે." આ હદીષ ગરીબ છે. *(જામેઅ તિર્મિઝી, પેજ–૫૪૯)*

હઝરત બરાઅ બિન આઝિબ رضی اللہ عنہ વર્ણવે છે કે તેમણે નબી કરીમ ﷺને ફર્માવતાં સાંભળ્યા અથવા હુઝૂર ﷺએ અન્સારના બારામાં ફર્માવ્યું, એમની સાથે મો'મિન જ મહોબ્બત રાખે છે અને મુનાફિક઼ જ અદાવત રાખે છે. જે એમની સાથે મહોબ્બત કરે, અલ્લાહ તઆલા તેની સાથે મહોબ્બત કરે છે. જે એમની સાથે અદાવત રાખે તે અલ્લાહ તઅલાનો તિરસ્કાર પામેલો છે." આ હદીષ સહીહ છે. *(જામેઅ તિર્મિઝી, પેજ–૫૫૩)*

હઝરત અમ્રૂ બિન આસ رضی اللہ عنہ વર્ણવે છે કે નબી કરીમ ﷺએ એમને જંગે ઝાતુસ્સલાસિલના સરદાર નિયુક્ત કર્યા. ફર્માવે છે, મેં હાજર થઈને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આપને લોકોમાં સૌથી વધુ કોણ પ્રિય છે ? આપે ફર્માવ્યું, આઈશા ! અર્ઝ કરી પુરૂષોમાં ? ફર્માવ્યું, તેણીના પિતા (હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ). આ હદીષ હસન સહીહ છે. *(જામેઅ તિર્મિઝી, પેજ–૫૫૧)*

હઝરત મિસ્વર બિન મુખરમા رضی اللہ عنہ વર્ણવે છે કે મેં નબી ﷺને મિમ્બર પર ફર્માવતાં સાંભળ્યા કે બની હિશામ બિન મુગીરાએ મારાથી ઈજાઝત માગી કે તે પોતાની પુત્રી અલી ઈબ્ને અબી તાલિબ رضی اللہ عنہના નિકાહમાં આપે. હું તેમને ઈજાઝત આપતો ન હતો, પણ એ કે અલી ઈબ્ને અબી તાલિબ મારી સાહબઝાદીને તલાક઼ આપીને તેમની પુત્રીથી નિકાહ કરે. ફાતિમા (رضی اللہ عنہا) મારા જિગરનો ટુકડો છે, એની તકલીફ મારી તકલીફ છે, જે ચીજ તેણીને તકલીફ આપે તે મારા માટે પણ તફલીકદાયક છે." આ હદીષ સહીહ છે. *(જામેઅ તિર્મિઝી, પેજ–૫૪૯)*

હઝરત ઝયદ બિન અરક્મ رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલે અકરમ ﷺએ હઝરત અલી, ફાતિમા, હસન તથા હુસૈન رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْنَને ફર્માવ્યું, જેમની સાથે તમે લડશો હું પણ એની સાથે લડીશ, અને જેની સાથે તમારી સુલહ, એની સાથે મારી સુલહ છે. આ હદીષ ગરીબ છે. *(જામેઅ તિર્મિઝી, પેજ–૫૫૦)*

હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا વર્ણવે છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, કોઈ મુનાફિક્ને હઝરત અલી رضی اللہ عنہથી મહોબ્બત નથી હોય શકતી, અને કોઈ મો'મિન આપની સાથે અદાવત નથી રાખતો. આ પ્રકરણમાં હઝરત અલી رضی اللہ عنہથી પણ રિવાયત વર્ણન થયેલ છે. આ હદીષ હસન ગરીબ છે. *(જામેઅ તિર્મિઝી, પેજ–૫૩૩)*

હઝરત યઅ્લા બિન મુર્રા رضی اللہ عنہ વર્ણવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "હુસૈન મારાથી છે અને હું હુસૈનથી છું. અલ્લાહ એની સાથે મહોબ્બત રાખે જે હુસૈનથી મહોબ્બત રાખે છે." *(જામેઅ તિર્મિઝી, પેજ–૫૪૦)*

ઝયદ બિન અસ્લમથી રિવાયત છે. હઝરત ઉમર رضی اللہ عنہએ હઝરત ઓસામા رضی اللہ عنہનો વઝીફો સાડા ત્રણ હજાર અને (પોતાના પુત્ર) હઝરત અબ્દુલ્લાહ رضی اللہ عنہનો વઝીફો ત્રણ હજાર નિશ્ચિત કર્યો. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہએ પોતાના પિતાને પૂછયું, આપે હઝરત ઓસામા رضی اللہ عنہને મારા પર શા માટે ફઝીલત આપી ? તે કોઈ જંગમાં મારાથી આગળ નથી નીકળી ગયા ! હઝરત ઉમર رضی اللہ عنہએ ફર્માવ્યું, રસૂલુલ્લાહ ﷺને હઝરત ઝયદ, તમારા બાપથી તથા હઝરત ઓસામા તમારા કરતાં અધિક મહબૂબ હતા. જેથી મેં રસૂલુલ્લાહ ﷺના મહબૂબને મારા મહબૂબ પર અગ્રતા આપી છે. *(જામેઅ તિર્મિઝી, પેજ–૫૪૪)*

## (૯) રસૂલુલ્લાહ ﷺની નિસ્બતોથી મહોબ્બત

મોહિબ્બની નવમી નિશાની એ છે કે જેને કોઈ શખ્સ સાથે મહોબ્બત હોય તે તેની નિસ્બતો સાથે પણ મહોબ્બત કરે છે. જેથી જેને રસૂલુલ્લાહ ﷺ સાથે મહોબ્બત છે તે કુર્આન મજીદ સાથે પણ મહોબ્બત કરશે, કે આ કલામ આપના ઉપર નાઝિલ થયું છે. તે મક્કા મુકર્રમાથી મહોબ્બત કરશે કે એ આપનું જન્મ સ્થળ છે. તે મદીના મુનવ્વરાથી મહોબ્બત કરશે કે તે આપનુ મસ્કન (રહેઠાણ) છે. તે કા'બાથી મહોબ્બત કરશે કે આપ એનો તવાફ કરતા હતા. તે ગારે હિરાથી મહોબ્બત કરશે કે એમાં આપના પર પ્રથમ વહી નાઝિલ થઈ હતી. તે ગારે થૌરથી મહોબ્બત કરશે કે હિજરતના મૌક઼ા પર ત્રણ દિવસ આપ એ ગુફામાં આરામ ફર્માવતા રહ્યા. તે ઓહદ પહાડ સાથે મહોબ્બત કરશે, કેમ કે આપે ફર્માવ્યું, "ઓહદ પહાડ મારાથી મહોબ્બત કરે છે અને હું એનાથી મહોબ્બત કરું છું." તે બદરના મેદાનથી મહોબ્બત કરશે, કેમ કે અહીં રસૂલુલ્લાહ ﷺએ ઈસ્લામના દેફઅમાં કાફિરો સાથે પ્રથમ મુક઼ાબલો કર્યો હતો. તે મક્કા તથા મદીનાના કાંકરાઓ સાથે મહોબ્બત કરશે કે તેમને રસૂલુલ્લાહ ﷺના પગનાં તળવાંઓથી નિસ્બત છે. છેવટે અલ્લાહ તઆલાએ અમસ્તુ જ ફર્માવ્યું ન હતું કે :–

لَآ اُقۡسِمُ بِهٰذَا الۡبَلَدِ ۙ وَ اَنۡتَ حِلٌّۢ بِهٰذَا الۡبَلَدِ ۙ "હું આ શહેરની ક઼સમ એ કારણે ફર્માવુ છું કે (હે મહબૂબ !) આ શહેરમાં આપ જલ્વા ફર્મા (વસેલા) છો." *(સૂ. બલદ, આ. ૧–૨)*

ઈમામ તિર્મિઝી રિવાયત કરે છે, અબૂ તાલૂત કહે છે કે હું હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہની પાસે ગમો એ હાલતમાં કે તે દૂધી ખાય રહ્યા હતા અને કહી રહ્યા હતા, હે દૂધી ! તારી શું શાન છે ! હું તારાથી

કેટલી મહોબ્બત કરું છું ! કેમ કે રસૂલુલલાહ ﷺ તારાથી મહોબ્બત કરતા હતા." આ હદીષ ગરીબ છે. *(જામેઅ તિર્મિઝી, પેજ–૫૭૭)*

હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ વર્ણવે છે કે, "મેં જોયું કે રસૂલુલ્લાહ ﷺ પ્યાલામાં દૂધી શોધી રહ્યા છે. હું તે સમયથી દૂધીથી મહોબ્બત કરું છું. આ હદીષ હસન સહીહ છે. *(જામેઅ તિર્મિઝી, પેજ–૨૭૭)*

ઈમામ બુખારી رحمۃ اللہ علیہ રિવાયત કરે છે. હઝરત આઈશા رضی اللہ عنہا વર્ણન કરે છે કે રસૂલુલ્લાહ ﷺએ દુઆ ફર્માવી : "હે અલ્લાહ ! અમને મદીના, મક્કાની જેમ મહબૂબ કરી આપ, બલ્કે એનાથી પણ વધુ." *(સહીહ બુખારી, ૧/૨૫૩)*

હઝરત ઉમર رضی اللہ عنہએ દુઆ કરી :–

عَنْ عُمَرَ رَضِيَ اللّٰهُ عَنْهُ قَالَ اَللّٰهُمَّ ارْزُقْنِيْ شَهَادَةً فِيْ سَبِيْلِكَ وَاجْعَلْ مَوْتِيْ فِيْ بَلَدِ رَسُوْلِكَ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ---

"હે અલ્લાહ ! મને તારા માર્ગમાં શહાદત અતા ફર્માવ અને તારા રસૂલ ﷺના શહેરમાં મૌત અતા કર." *(સહીહ બુખારી, ૧/૨૫૩)*

## (૧૦) રસૂલુલ્લાહ ﷺના દુશ્મનોથી અદાવત રાખવી

મોહિબ્બની દસમી નિશાની એ છે કે મોહિબ્બ, મહબૂબના દુશ્મનોથી અદાવત ધરાવે છે. એટલા માટે રસૂલુલ્લાહ ﷺની મહોબ્બતનો તક઼ાઝો એ છે કે આપના દુશ્મનોથી દુશ્મની રાખવામાં આવે, અને જેઓ આપના દીનના વિરોધીઓ હોય એમનો વિરોધ કરવામાં આવે અને તેમનાથી મહોબ્બત ન રાખવામાં આવે.

અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે :–

لَا تَجِدُ قَوۡمًا يُّؤۡمِنُوۡنَ بِاللّٰهِ وَ الۡيَوۡمِ الۡاٰخِرِ يُوَآدُّوۡنَ
مَنۡ حَآدَّ اللّٰهَ وَ رَسُوۡلَهٗ وَ لَوۡ كَانُوۡۤا اٰبَآءَهُمۡ اَوۡ اَبۡنَآءَهُمۡ
اَوۡ اِخۡوَانَهُمۡ اَوۡ عَشِيۡرَتَهُمۡ ---- 

"હે મહબૂબ ! જે લોકો અલ્લાહ પર, ક્યામતના દિવસ પર ઈમાન ધરાવે છે, તેઓને આપ અલ્લાહ તથા તેના રસૂલ ﷺ સાથે અદાવત રાખનારાઓ સાથે મહોબ્બત કરનાર પામશો નહીં, ચાહે તે તેમના બાપ હોય કે બેટા ભાઈ કે નજીકના સગાં." *(સૂ. મુજાદિલા, આ. ૨૨)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને ઉબય ઈબ્ને સલૂલ رضی اللہ عنہએ પોતાના બાપ (અબ્દુલ્લાહ ઈબ્ને ઉબય)ની સામે એ વખતે તલ્વાર ખેંચી લીધી જયારે તેણે રસૂલુલ્લાહ ﷺની શાનમાં એક ગુસ્તાખીપૂર્ણ શબ્દ કહ્યો અને ત્યાં સુધી તલ્વાર મિયાનમાં ન રાખી જ્યાં સુધી તેણે એ બેઅદબીના શબ્દો પરત ન લીધા.

અલ્લામા સૈયદ મુહમ્મદ આલૂસી લખે છે : ગઝવએ બનૂ અબ્દે મુસ્તલકમાં રઈસુલ મુનાફિકીન અબ્દુલ્લાહ ઈબ્ને ઉબય બિન સલૂલે એક ગુસ્તાખીપૂર્ણ વાક્ય કહ્યું જેનું કુર્આન મજીદમાં વર્ણન છે :–

يَقُوۡلُوۡنَ لَئِنۡ رَّجَعۡنَاۤ اِلَى الۡمَدِيۡنَةِ لَيُخۡرِجَنَّ الۡاَعَزُّ
مِنۡهَا الۡاَذَلَّ

"(તે મુનાફિકો) કહે છે કે હવે જો અમે મદીનાની તરફ પરત થઈને ગયા તો જરૂર ત્યાંથી ઈજ્જતવાળો ઝિલ્લતવાળાઓને કાઢી નાખશે."

વિવિધ સનદોથી રિવાયત છે કે અબ્દુલ્લાહ ઈબ્ને ઉબય બિન સલૂલના પુત્ર હઝરત અબ્દુલ્લાહ બિન અબ્દુલ્લાહ બિન ઉબય બિન સલૂલ رضی اللہ عنہ મુખ્લિસ સહાબી હતા. તેમને જયારે આ જાણ થઈ કે અબ્દુલ્લાહ

બિન ઉબય (તેમના બાપે) આવા ગુસ્તાખીના શબ્દો કહ્યા છે, તો તેમણે મદીનાની નજીક પહોંચીને પોતાના બાપ સામે તલ્વાર ખેંચી લીધી અને કહ્યું, ખુદાની કસમ ! હું આ તલ્વારને ત્યાં સુધી મિયાનમાં રાખીશ નહીં, જ્યાં સુધી તમે એવું ન કહેશો કે મુહમ્મદ (ﷺ) ઈજ્જતવાળા છે અને હું બેઈજ્જત (ઝલીલ) છું ! અને જ્યાં સુધી અબ્દુલ્લાહ ઈબ્ને ઉબયે એવું ન કહ્યું ત્યાં સુધી તેમણે તેને છોડયો નહીં.

અને એક રિવાયતમાં એ છે કે તેમણે પોતાના પિતા અબ્દુલ્લાહ ઈબ્ને ઉબયને મદીનામાં દાખલ થવાથી રોકી દીધો અને કહ્યું, જ્યાં સુધી તમે રસૂલૂલ્લાહ ﷺ પાસે મદીનામાં દાખલ થવાની ઈજાઝત હાંસલ નહીં કરો ત્યાં સુધી હું તમને મદીનામાં જવા દઈશ નહીં. જેથી તમને એ માલૂમ થઈ જાય કે આજે ઈજ્જતવાળો કોણ છે અને ઝિલ્લતવાળો કોણ છે ?! ત્યાં સુધી કે તેણે રસૂલુલ્લાહ ﷺથી ઈજાઝત હાંસલ કરી ત્યારે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉબયને તેમણે મદીનામાં પ્રવેશવા દીધો.

ઈમામ બુખારી, ઈમામ મુસ્લિમ તથા તિર્મિઝીએ રિવાયત કરી છે કે જ્યારે અબ્દુલ્લાહ ઈબ્ને ઉબયે આ બેઅદબીપૂર્ણ શબ્દો કહ્યા તો હઝરત ઉમર رضی اللہ عنہએ કહ્યું, યા રસૂલુલ્લાહ ! મને ઈજાઝત આપો, હું આ મુનાફિકની ગરદન ઉડાડી દઉં ! તો નબી કરીમ ﷺએ ફર્માવ્યું, છોડો ! લોકો ક્યાંક એવું ન કહે કે મુહમ્મદ (ﷺ) પોતાના સહાબીઓને કત્લ કરી રહ્યા છે. *(રૂહુલ મઆની, ૨૮/૧૧૫,૧૧૬)*

હાફિઝ અબૂ ઉમર ઈબ્ને અબ્દુલ બર માલિકી લખે છે : ઈમામ ઈબ્ને ઈસ્હાકે પોતાની સનદની સાથે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત કરી છે કે કઅબ બિન અશરફ એક યહૂદી વેપારી હતો જે રસૂલુલ્લાહ ﷺને સખત ઈજા પહોંચાડતો હતો અને અરબોને મુસલમાનો વિરૂધ્ધ જંગ માટે ઉશ્કેરતો હતો. જ્યારે તેને કત્લ કરી દેવામાં આવ્યો તો

રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે યહૂદી તમારા લોકોના હાથ લાગે તેને કત્લ કરી દો. તો હઝરત મુહૈસા બિન મસ્ઊદ رضی اللہ عنہએ ઈબ્ને સનિયહ નામના એક વેપારીને કત્લ કરી નાખ્યો. હઝરત મુહૈસાના મોટાભાઈ હરીસા બિન મસ્ઊદ رضی اللہ عنہ એ સમય સુધી ઈમાન લાવ્યા ન હતા. જયારે હઝરત મુહૈસા رضی اللہ عنہએ તે વેપારીને કત્લ કરી આપ્યો તો હરીસાને મારવા લાગ્યા અને કહેવા લાગ્યા, હે ખુદાના દુશ્મન ! તેં એને કત્લ કરી નાખ્યો ! ખુદાની કસમ એના માલની ચરબી તો હજી સુધી તારા પેટમાં મૌજૂદ છે ! હઝરત મુહૈસા رضی اللہ عنہએ કહ્યું, ખુદાની કસમ ! જે જાતે મને તેને કત્લ કરવાનો હુકમ કર્યો હતો, એ તો અલગ વાત છે, જો તે મને તમને કત્લ કરવાનો હુકમ આપી દે તો હું તમારી ગરદન પણ શરીરથી અલગ કરી દઉં ! હરીસાએ કહ્યું, શું ખરેખર તે મને કત્લ કરી દેવાનો હુકમ આપે તો તું મને કત્લ કરી આપે ?! મુહૈસા رضی اللہ عنہએ કહ્યું, હા ! ખુદાની કસમ ! જો તે મને તમને કત્લ કરવાનો હુકમ આપી દે તો હું તમને કત્લ કરી દેતો ! હરીસાએ કહ્યું, ખુદાની કસમ ! આ દીન તમારી રગે રગમાં પ્રવેશી ચૂક્યો છે, અને આ ઘણા જ આશ્ચર્યની વાત છે. પછી રસૂલુલ્લાહ ﷺની મહોબ્બત તથા દીને ઈસ્લામના આ આજ્ઞાપાલનના જઝબાથી પ્રભાવિત થઈને હરીસાએ પણ ઈસ્લામ સ્વીકારી લીધો. (رضی اللہ عنہ) *(ઈસ્તીસાબ અલા હામિશિલ અસાબા, ૩/૫૫૦, બૈરૂત)*

મુલ્લા અલી કારી رضی اللہ عنہ લખે છે : જંગે બદરમાં હઝરત અબૂ ઓબૈદા رضی اللہ عنہએ પોતાના બાપને કત્લ કરી નાખ્યો. હઝરત મુસ્અબ બિન ઉમૈર رضی اللہ عنہએ પોતાના ભાઈને કત્લ કરી નાખ્યો, અને હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہએ પોતાના મામા આસને કત્લ કરી દીધા. હઝરત અલી رضی اللہ عنہએ પોતાના કેટલાયે સગાઓને કત્લ કરી દીધા. અને હઝરત અબૂ બક્ર رضی اللہ عنہએ પોતાના પુત્રને જંગમાં લડવા લલકાર્યા.

*–(શરહે શિફા, ૩/૩૬૮, બૈરૂત)*

## રસૂલુલ્લાહ ﷺની મોહબ્બતની નિશાનીઓ વિશે અંતિમ વાત

ક઼ાઝી અયાઝ માલિકી લખે છે : સહલ બિન અબ્દુલ્લાહે કહ્યું છે કે અલ્લાહથી મહોબ્બતની નિશાની કુર્આનથી મહોબ્બત કરવું છે, અને કુર્આન મજીદથી મહોબ્બતની નિશાની નબીએ મોઅઝ્ઝમ ﷺથી મહોબ્બત કરવું છે, અને નબીએ મુકર્રમ ﷺથી મહોબ્બતની નિશાની એ છે કે આપની સુન્નતોથી મહોબ્બત કરવું છે, અને સુન્નતથી મહોબ્બતની નિશાની આખેરતથી મહોબ્બત કરવું છે. અને આખેરતથી મહોબ્બતની નિશાની દુનિયાથી અદાવત રાખવું છે, અને દુનિયાથી અદાવતની નિશાની એ છે કે જરૂરતથી વિશેષ દુનિયાના માલનો ઝખીરો ન કરવામાં આવે. અને હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہما કહ્યું, જે શખ્સ કુર્આન મજીદથી મહોબ્બત રાખે છે તે અલ્લાહ તથા તેના રસૂલથી મહોબ્બત રાખે છે.

નબી કરીમ ﷺથી મહોબ્બતની નિશાનીઓમાંથી એ પણ છે કે આપની ઉમ્મત પર પ્રેમભાવ રાખવામાં આવે, તેનુ ભલુ ચાહવામાં આવે અને તેની ભલાઈના માટે કોશિશ કરવામાં આવે, જે રીતે નબી કરીમ ﷺ પોતાની ઉમ્મત પર પ્રેમભાવ તથા મહેરબાની કરતા હતા. તેમજ આપની મહોબ્બતની નિશાનીઓમાંથી એ પણ છે કે દુનિયાથી નિઃઆકર્ષણ રાખવામાં આવે અને આખેરતને અગ્રતા આપવામાં આવે, અને માલ તથા દૌલતના મુક઼ાબલામાં ગરીબીને ઈખ્તિયાર કરવામાં આવે. જેવી રીતે નબી અકરમ ﷺની પાસે પહાડોનો ફરિશ્તો આવ્યો અને કહ્યું, જો આપ ચાહો તો અલ્લાહ તઆલા આપના માટે સોનાના પહાડ બનાવી દે, તો આપે ઈન્કાર કરી આપ્યો. એક અન્ય હદીષમાં છે કે આપને

એ પેશકશ કરવામાં આવી કે મક્કાની વાદીને સોનાની બનાવી દેવામાં આવે. તો આપે ફર્માવ્યું, નહીં ! હે રબ ! હું એક દિવસ ધરાઈને ખાઈશ અને એક દિવસ ભૂખ્યો રહીશ. જ્યારે હું ભૂખ્યો હોઈશ તો તારાથી ફરિયાદ કરીશ અને જ્યારે ધરાઈને ખાઈશ તો તારો શુક્ર અદા કરીશ. *(શરહે શિફા અલી ક઼ારી)*

રસૂલુલ્લાહ ﷺએ અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہને ફર્માવ્યું, તમારામાંથી જે શખ્સ મારાથી મહોબ્બત કરશે તેની તરફ ફક્ર (ગરીબી) એવી ઝડપભેર આવશે જેટલી ઝડપથી વાદીની ઉપરની તરફથી પાણી નીચે ઉતરે.

હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ વર્ણવે છે કે એક શખ્સે નબી કરીમ ﷺને કહ્યું, હું આપનાથી મહોબ્બત કરું છું. આપે ફર્માવ્યું, વિચારો ! તમે શું કહી રહ્યા છો ?! તેણે ત્રણવાર કહ્યું, હું આપની સાથે મહોબ્બત કરું છું. આપે ફર્માવ્યું, તો પછી ફક્ર (ગરીબી)ની તૈયારી કરી લો. *(શિફા, ૨/૨૩)*

و صلی اللہ تعالٰی علی خیر خلقہ محمد و آلہ و اصحابہ اجمعین

برحمتك يا ارحم الراحمين

*[બહવાલા : માહનામા નૂરુલ હબીબ, બશીરપુર (પાક.), ડિસે. ૨૦૧૭ થી ફેબ્રુ. ૨૦૧૭]*